સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 07

FEBRUARY-2024
11-02-24 To 17-02-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**11 FEB-2024**

- દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ, વિશ્વ યુનાની દિવસ ...... 02
- આસામમાં ભેંસ અને બુલબુલ વચ્ચેની પરંપરાગત લડાઈઓ ...... 02
- ઉત્તરાખંડ સરકારે યુનિફોર્મ સિવિલ કોડ રજૂ કર્યુ ...... 03
- QUESTION ANSWERS ...... 08

**12 FEB-2024**

- ભારત રત્ન : શ્રી પી.વી. નરસિમ્હા રાવ, શ્રી ચૌધરી ચરણસિંહ અને શ્રી એમ.એસ. સ્વામીનાથનને ભારત રત્ન ...... 10
- ભારત 2047 સુધીમાં છ મેગા પોર્ટ વિકસાવશે ...... 18
- QUESTION ANSWERS ...... 19

**13 FEB-2024**

- દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિવસ (World Radio Day), રાષ્ટ્રીય મહિલા દિવસ (સરોજિની નાયડુ જન્મદિન) ...... 20
- મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિ ...... 21
- ઈન્ડિયન ઓઈલ માર્કેટ આઉટલુક 2030 : IEA ...... 22
- QUESTION ANSWERS ...... 24

**14 FEB-2024**

- દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ ...... 25
- લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2023માં ભારત ઘટમા ક્રમે ...... 25
- ભારતના ઓલ્ડેસ્ટ ક્રિકેટર શ્રી દત્તાજીરાવ ગાયકવાડનું 95 વર્ષની વયે નિધન ...... 26
- QUESTION ANSWERS ...... 26

**15 FEB-2024**

- અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2024માં ઓસ્ટ્રેલિયાનો વિજય ...... 27
- ઓડિશાના ગુપ્તેશ્વર જંગલને બાયો - ડાયવર્સિટી હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું ...... 28
- જનરલ બિપિન રાવતની પ્રતિમાનું દેહરાદૂનમાં અનાવરણ ...... 28
- QUESTION ANSWERS ...... 30

**16 FEB-2024**

- જર્મની જાપાનને પાછળ છોડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ...... 31
- સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ યોજના રદ્દ કરી ...... 31
- QUESTION ANSWERS ...... 34

**17 FEB-2024**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અબુધાબીમાં હિન્દુ મંદિરનું લોકાર્પણ કર્યુ ...... 35
- વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ 2024 ...... 35
- ભારતે iRASTE પ્રોજેક્ટ માટે પ્રતિષ્ઠિત GovTech પ્રાઈઝ 2024 જીત્યું ...... 36
- ભારતના પ્રથમ ડિજિટલ નેશનલ મ્યુઝિયમ ઓફ એપિગ્રાફીનું ઉદ્ઘાટન ...... 37
- QUESTION ANSWERS ...... 37

**ONE LINER** ...... 38

**QUESTION OF THIS WEEK** ...... 40


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, (1) વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ (International Day of Women and Girls in Science)
## (2) વિશ્વ યુનાની દિવસ (World Unani Day)

### International Day of Women and Girls in Science




વિજ્ઞાનના વિકાસમાં મહિલાઓ તથા છોકરીઓના યોગદાનને બિરદાવવા માટે તેમજ તેને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 11 ફેબ્રુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- 22 ડિસેમ્બર, 2015ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2016 થી 11 ફેબ્રુઆરીના રોજ દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

### વિશ્વ યુનાની દિવસ




વિશ્વ યુનાની દિવસ દર વર્ષે 11 ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ યુનાની સંશોધક શ્રી હકીમ અજમલ ખાનની જન્મજંયતિ નિમિત્તે ઉજવવામાં આવે છે.
- શ્રી હકીમ અમજલ ખાન એક પ્રતિષ્ઠિત ભારતીય યુનાની ચિકિત્સક હતા.
- તેઓ સ્વતંત્રતા સેનાની, શિક્ષણવિદ્ અને યુનાની દવામાં વૈજ્ઞાનિક સંશોધનના સ્થાપક પણ હતા.
- શ્રી હકીમ અજમલ ખાને વર્ષ 1921માં કોંગ્રેસના અધિવેશનની પણ અધ્યક્ષતા કરી હતી.
- નોંધનીય છે કે યુનાની ચિકિત્સા પધ્ધતિ અરેબિયાના લોકો દ્વારા ભારતમાં પહોંચી હતી અને તેના કુદરતી વાતાવરણ અને અનુકૂળ પરિસ્થિતિઓના કારણે આ પદ્ધતિનો ઘણો વિકાસ થયો હતો.

## આસામમાં ભેંસ અને બુલબુલ વચ્ચેની પરંપરાગત લડાઈઓ

માઘ બિહુ ઉત્સવ દરમિયાન પરંપરાગત ભેંસ અને બુલબુલની લડાઈને પુનર્જીવિત કરવાના આસામ સરકારના પ્રયાસો પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ(પેટા) તરફથી કાયદાકીય પડકારોનો સામનો કરી રહ્યા છે.



- તેમણે આ બંને પ્રથાઓ પર પ્રતિબંધ મૂકવા માટે ગુવાહાટી હાઈકોર્ટમાં અરજી કરી છે.
- આ લડાઈઓ, જે આસામી શિયાળુ લણણી ઉત્સવ માઘ બિહુ સાથે સંકળાયેલી લોક સંસ્કૃતિનો એક ભાગ છે, તેને 2014માં પ્રાણીઓની ક્રૂરતા પર સુપ્રીમ કોર્ટના ચૂકાદાને પગલે બંધ કરવામાં આવી હતી.
- જોકે વર્ષ 2023માં સુપ્રીમ કોર્ટ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટમાં સુધારો કરવાની મંજૂરી આપી હતી, જેના કારણે આવી ઘટનાઓનું પુનરાવર્તન થયું હતું.
- નિર્દિષ્ટ સમયગાળા પછી સુનિશ્ચિત થયેલ ભેંસોની લડાઈ અંગેના તાજેતરના વિવાદે કાનૂની હસ્તક્ષેપને પ્રોત્સાહન આપ્યું છે.
- આ મુદ્દો સાંસ્કૃતિક વારસો સાચવવા અને આધુનિક સમાજમાં નૈતિક ચિંતાઓને સંબોધવા વચ્ચેના તણાવને પ્રકાશિત કરે છે.

## ઉત્તરાખંડ સરકારે યુનિફોર્મ સિવિલ કોડ રજૂ કર્યુ

તાજેતરમાં ઉત્તરાખંડ રાજ્ય વિધાનસભાએ યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ પસાર કર્યા પછી રાજ્ય નિયુક્ત પેનલે તેનો અંતિમ અહેવાલ રજૂ કર્યો હતો.

- આઝાદી બાદ આ પ્રકારનો કાયદો લાગુ કરનાર ઉત્તરાખંડ ભારતનું પ્રથમ રાજ્ય છે.

### ઉત્તરાખંડના યુનિફોર્મ સિવિલ કોડ બિલની મુખ્ય વિશેષતાઓ

આ બિલ લગ્ન, છુટાછેડા, મિલકતના વારસા અને તમામ નાગરિકો માટે તેમના ધાર્મિક જોડાણને ધ્યાનમાં લીધા વિના આદિવાસી સમુદાયને તેના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખ્યા વિના એક સમાન કાયદાની દરખાસ્ત કરે છે.

- આ બિલનો ઉદ્દેશ્ય લિવ–ઈન સંબંધોને રજીસ્ટર કરવાની જવાબદારી લાદીને નિયમન કરવાનો છે.
- લગ્નની ઉંમર છોકરાઓ માટે 21 વર્ષ અને છોકરીઓ માટે 18 વર્ષ કરવામાં આવી છે.
- આ બિલ દ્વિપત્નીત્વ અથવા બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકે છે.
- છુટાછેડાના સંદર્ભમાં પુરુષો અને સ્ત્રીઓને સમાન અધિકારો આપવામાં આવ્યા છે.



- બિલમાં જણાવ્યા મુજબ છુટાછેડા અથવા ઘરેલું વિવાદના કિસ્સામાં 5 વર્ષ સુધીના બાળકની કસ્ટડી માતા પાસે રહેશે.
- આ બિલ તમામ વર્ગોમાં પુત્રો અને પુત્રીઓ માટે સમાન મિલકતના અધિકારોનો વિસ્તાર કરે છે.
- રાજ્યના અધિકારક્ષેત્રમાં રહેલ કોઈપણ લિવ–ઈન સંબંધની નોંધણી ફરજિયાતપણે કરાવવી પડશે, પછી ભલેને સંબંધિત પુરુષ અને સ્ત્રી ઉત્તરાખંડના રહેવાસી હોય કે ન હોય.

- જો લિવ–ઈન રિલેશનશિપમાં રહેલા યુગલો તેમનું નિવેદન સબમિટ નહીં કરે તો તેમને નોટિસ આપવામાં આવશે જેના પગલે તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ થઈ શકે છે, યુગલો સમાન અસર માટે ઔપચારિક નિવેદન સબમિટ કરીને સંબંધ સમાપ્ત કરી શકે છે.
- લિવ–ઈન પાર્ટનર્સ દ્વારા છોડી દેવામાં આવેલી મહિલાઓ સક્ષમ કોર્ટ દ્વારા ભરણપોષણનો દાવો કરી શકે છે. આ ઉપરાંત આવા સંબંધોમાંથી જન્મેલા બાળકોને કાયદેસર ગણવામાં આવશે.
- આ બિલ LGBTQIA + સમુદાયના સભ્યને તેની મર્યાદામાંથી બહાર રાખે છે અને તે માત્ર વિજાતીય સંબંધોને જ લાગુ પડે છે.

## યુનિફોર્મ સિવિલ કોડ (UCC) શું છે ?

યુનિફોર્મ સિવિલ કોડ અથવા સમાન નાગરિક સંહિતા સમગ્ર દેશ માટે એક કાયદો સુનિશ્ચિત કરશે.

- જે તમામ ધાર્મિક અને આદિવાસી સમુદાયોને તેમની વ્યક્તિગત બાબતો જેમ કે મિલકત, લગ્ન, વારસો, બાળક દત્તક લેવું વગેરે જેવી દીવાની બાબતોમાં દેશના દરેક ધર્મ, જાતિ, લિંગ તથા ભાષાના લોકો પર સમાનરૂપથી કાયદાઓ લાગુ પડશે.
- આનો અર્થ એ થયો કે ધર્મ પર આધારિત હાલના અંગત કાયદાઓ જેમ કે હિન્દુ મેરેજ એક્ટ (1955), હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ (1956) અને મુસ્લિમ પર્સનલ લો એપ્લિકેશન એક્ટ (1937) લાગુ રહેશે નહીં.
- ભારતીય બંધારણમાં અનુચ્છેદ 44માં યુનિફોર્મ સિવિલ કોડ શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

## અનુચ્છેદ 44 શું છે ?

ભારતીય બંધારણમાં ભાગ 4ના અનુચ્છેદ 44માં નાગરિકો માટે એક સમાન દીવાની કાયદો (Uniform Civil Code) વિશેની જોગવાઈ આપવામાં આવી છે.

- આ અનુચ્છેદની જોગવાઈ અનુસાર ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં નાગરિકો માટે એક સરખો દીવાની કાયદો લાગુ કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે.

**નોંધ :** (1) ભારતીય બંધારણના ભાગ 4માં અનુચ્છેદ 36 થી 51 અંતર્ગત રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈ કરવામાં આવી છે.

(2) બંધારણ સભા દ્વારા નાગરિકોને મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે, જેથી સમાજમાં સમાનતા, સ્વતંત્રતા તથા ધાર્મિક સ્વતંત્રતા સુનિશ્ચિત થાય. તેવી જ રીતે એક આદર્શ અને કલ્યાણકારી રાજ્યના (અહીં 'રાજ્ય'નો અર્થ 'દેશ' સમજવો) નિર્માણ માટે બંધારણ સભા દ્વારા ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્ય અથવા તો દેશે અનુસરવાના હોય છે, પરંતુ તેને અનુસરવા રાજ્ય(દેશ) માટે ફરજિયાત નથી.

(4) ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ખ્યાલ આયર્લેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈને લેવામાં આવ્યો છે.

(5) ભારતીય બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ તેજ બહાદુર સપ્રુ સમિતિની ભલામણથી કરવામાં આવ્યો હતો.

## યુનિફોર્મ સિવિલ કોડનું મૂળ અને ઈતિહાસ

ભારતના વસાહતી યુગમાં સમાન નાગરિક સંહિતાની ચર્ચાઓ જોવા મળી હતી.

- વસાહતી ભારતમાં બ્રિટિશ સરકારના 1835ના અહેવાલમાં ગુનાઓ, પુરાવાઓ અને કરારો સહિત ભારતીય કાયદાના એકસમાન સંહિતાકરણની માંગ કરવામાં આવી હતી.
- જોકે ઓક્ટોબર, 1840ના લેક્સ લોકી રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું હતું કે હિન્દુઓ અને મુસ્લિમોના અંગત કાયદાઓને સંહિતાકરણ (Codification)માંથી બાકાત રાખવા જોઈએ.

## બી.એન.રાવ સમિતિની રચના

બ્રિટિશ શાસનના અંતમાં અંગત મુદ્દાઓને લગતા કાયદામાં થયેલા વધારાના કારણે સરકારે વર્ષ 1941માં હિન્દુ કાયદાને સંહિતા બનાવવા માટે બી.એન. રાવ સમિતિની રચના કરવામાં આવી હતી.

- આ સમિતિનું કામ હિન્દુ કાયદાઓની આવશ્યકતાના પ્રશ્નની તપાસ કરવાનું હતું.
- આ સમિતિએ શાસ્ત્રો અનુસાર એક કોડીફાઈડ હિન્દુ કાયદાની ભલામણ કરી હતી, જે મહિલાઓને સમાન અધિકાર આપશે.
- સમિતિએ 1937ના કાયદાની સમીક્ષા કરી અને હિન્દુઓ માટે લગ્ન અને ઉત્તરાધિકારના નાગરિક સંહિતાની માંગણી કરી હતી.
- રાવ સમિતિના અહેવાલનો ડ્રાફ્ટ ડો. બી. આર. આંબેડકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિને સુપરત કરવામાં આવ્યો હતો.
- આ સમિતિની રચનાના પરિણામે હિન્દુ ઉત્તરાધિકાર કાયદો (Hindu Succession Act, 1956) વર્ષ 1956માં અમલમાં આવ્યો હતો.

## યુનિફોર્મ સિવિલ કોડ પર બંધારણસભાના મંતવ્યો

બંધારણ સભામાં ચર્ચા દરમિયાન યુનિફોર્મ સિવિલ કોડના સમાવેશ પર મહત્ત્વની ચર્ચા થઈ હતી.

- જ્યાં સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વમાં મતદાન થયું હતું અને 5:4ના ગુણોત્તરમાં બહુમતી મેળવી હતી.
- જેના પરની પેટા સમિતિએ નિર્ણય લીધો હતો કે સમાન નાગરિક સંહિતા (UCC)નો મૂળભૂત અધિકાર તરીકે સમાવેશ કરવામાં આવશે નહીં.
- ભારતીય બંધારણના પિતા ડો. બી. આર. આંબેડકરે બંધારણનો મુસદ્દો બનાવતી વખતે કહ્યું હતું કે એક સમાન નાગરિક સંહિતા ઈચ્છનીય છે પરંતુ જ્યાં સુધી રાષ્ટ્ર તેને સ્વીકારવા માટે સામાજિક રીતે તૈયાર ન થાય ત્યાં સુધી સ્વૈચ્છિક રહેવું જોઈએ.
- ત્યારબાદ યુનિફોર્મ સિવિલ કોડને ભારતીય બંધારણના ભાગ 4ના રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (DPSP)માં અનુચ્છેદ 44માં મૂકવામાં આવ્યો હતો.

**નોંધ :** ભારતમાં લગ્ન, છૂટાછેડા, વારસા જેવા અંગત કાયદાના વિષયો સમવર્તિ સૂચિ (7મી અનુસૂચિ) હેઠળ આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુનિફોર્મ સિવિલ કોડ શા માટે જરૂરી છે ?

યુનિફોર્મ સિવિલ કોડનો એક ઉદ્દેશ્ય મહિલાઓને સશક્તિકરણ કરવાનો અને ધાર્મિક લઘુમતીઓ સહિત સંવેદનશીલ વર્ગોનું રક્ષણ કરવાનો છે.

- એક દેશ, એક કાયદો હશે તો રાષ્ટ્રવાદની લાગણી પણ પ્રબળ હશે.
- યુનિફોર્મ સિવિલ કોડના કારણે વિવિધ કાયદાઓને સરળ બનાવવામાં પણ મદદ મળશે.
- ભારત વિવિધતાઓથી ભરેલો દેશ છે, જાતિ અને ધર્મના આધારે જુદા જુદા કાયદા અને લગ્ન કાયદા છે.
- આ અલગ અલગ કાયદાઓ અને મેરેજ એક્ટના કારણે સામાજિક માળખું બગડી ગયું છે.
- આ કારણોસર દેશમાં લાંબા સમયથી યુનિફોર્મ સિવિલ કોડની માંગ કરવામાં આવી રહી છે.
- યુનિફોર્મ સિવિલ કોડ હેઠળ તમામ જાતિઓ, ધર્મો, વર્ગો અને સંપ્રદાયોને સમાન વ્યવસ્થા હેઠળ લાવવાનો પ્રસ્તાવ છે.
- યુનિફોર્મ સિવિલ કોડની માંગનું એક મોટું કારણ એ છે કે અલગ–અલગ કાયદાઓને કારણે ન્યાયિક વ્યવસ્થાને પણ અસર થાય છે.
- હાલમાં લોકો લગ્ન, છૂટાછેડા જેવા અનેક મુદ્દાઓના સમાધાન માટે પર્સનલ લો બોર્ડમાં જાય છે.

## ગોવામાં યુનિફોર્મ સિવિલ કોડ

હાલમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) ધરાવતું ભારતનું એકમાત્ર રાજ્ય ગોવા છે.




- ગોવાએ 1961માં પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત થયા પછી ગોવા સિવિલ કોડ તરીકે ઓળખાતા તેનો સામાન્ય પારિવારિક કાયદો જાળવી રાખ્યો હતો.

## યુનિફોર્મ સિવિલ કોડના ફાયદા

### રાષ્ટ્રીય એકતા અને વિવિધતામાં એકતાની ઉજવણી

- યુનિફોર્મ સિવિલ કોડ તમામ નાગરિકો વચ્ચે એક સામાન્ય ઓળખ અને સંબંધની ભાવના બનાવીને રાષ્ટ્રીય એકીકરણ અને બિનસાંપ્રદાયિકતાને પ્રોત્સાહન આપશે.
- તે વિવિધ સમુદાયો વચ્ચે એકતા અને સંવાદિતાની ભાવનાને પણ પ્રોત્સાહન આપશે.
- તે તમામ માટે સમાનતા, બંધુત્વ અને ગૌરવના બંધારણીય મૂલ્યોને જાળવી રાખશે.

### લિંગ ન્યાય અને સમાનતા

- તે વિવિધ અંગત કાયદાઓ જેમ કે બહુપત્નીત્વ, અસમાન વારસો વગેરેમાં મહિલાઓ સામે ભેદભાવપૂર્ણ અને દમનકારી પ્રથાઓને સમાપ્ત કરીને લિંગ ન્યાય અને સમાનતાને સુનિશ્ચિત કરશે.
- તે લગ્ન, છૂટાછેડા, વારસો, દત્તક, ભરણપોષણ વગેરે બાબતોમાં મહિલાઓને સમાન અધિકારો અને દરજ્જો આપશે.

### કાનૂની કાર્યક્ષમતા માટે તેને સરળ બનાવવું

- ભારતની વર્તમાન કાનૂની વ્યવસ્થા જટિલ અને ઓવરલેપ થતા વ્યક્તિગત કાયદાઓ વધારે છે. જે મૂંઝવણ અને કાનૂની વિવાદો તરફ દોરી જાય છે.
- યુનિફોર્મ સિવિલ કોડ વિવિધ કાયદાઓને એક કોડમાં એકીકૃત કરીને અને સુમેળ સાધીને કાયદાકીય માળખાને સરળ બનાવશે.
- તેનાથી સ્પષ્ટતા વધશે, અમલીકરણમાં સરળતા આવશે અને ન્યાયતંત્રમાં બોજ ઘટશે.
- જેનાથી વધુ કાર્યક્ષમ કાનૂની વ્યવસ્થા સુનિશ્ચિત થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ફેબ્રુઆરી (B) 10 ફેબ્રુઆરી (C) 11 ફેબ્રુઆરી (D) 12 ફેબ્રુઆરી (C)

2. કયા દિવસે 'વિશ્વ યુનાની દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી (C) 12 ફેબ્રુઆરી (D) 13 ફેબ્રુઆરી (B)

3. માઘ બિહુ ઉત્સવ દરમિયાન પરંપરાગત ભેંસ અને બુલબુલ લડાઈને પુનર્જીવિત કરવાના કયા ભારતીય રાજ્યના પ્રયાસોને તાજેતરમાં કાયદાકીય પડકારોનો સામનો કરવો પડ્યો છે ?

(A) બિહાર (B) આસામ (C) પંજાબ (D) રાજસ્થાન (B)

4. તાજેતરમાં કયું રાજ્ય 'યુનિફોર્મ સિવિલ કોડ' (UCC) રજૂ કરનાર, આઝાદી બાદ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે ?

(A) મધ્યપ્રદેશ (B) ગુજરાત (C) ઉત્તરપ્રદેશ (D) ઉત્તરાખંડ (D)

5. યુનિફોર્મ સિવિલ કોડનો હેતુ શું છે ?

(A) એક રાષ્ટ્ર, એક કાયદો (B) યુનિફોર્મ સોસાયટી

(C) દરેક ધર્મ માટે અલગ કાયદો (D) એકપણ નહીં (A)

6. યુનિફોર્મ સિવિલ કોડ (UCC) 'એક રાષ્ટ્ર, એક કાયદો' પ્રદાન કરે છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન અયોગ્ય છે ?

1. તે તમામ ધાર્મિક સમુદાયોને તેમની અંગત બાબતો જેમ કે લગ્ન, છૂટાછેડા, વારસો, દત્તક, ભરણપોષણ વગેરેમાં લાગુ પડે છે.
2. યુનિફોર્મ સિવિલ કોડ કાયદાને સરળ બનાવવા માટે કામ કરશે.
3. તે રાષ્ટ્રની એકતાને પ્રોત્સાહન આપશે.
4. નાગરિકોને સમાન ન્યાય અને મફત કાનૂની સહાય

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 4 (B) માત્ર 4

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

**7.** ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં નાગરિકો માટે એક સમાન દીવાની કાયદો (Uniform Civil Code) વિશેની જોગવાઈ આપવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 44 (B) અનુચ્છેદ 32 (C) અનુચ્છેદ 28 (D) અનુચ્છેદ 14 **(A)**

**8.** નીચેનામાંથી કયું યુનિફોર્મ સિવિલ કોડ સાથે સંબંધિત નથી ?

(A) છૂટાછેડા (B) દત્તક (C) વારસો (D) હુમલો **(D)**

**9.** ભારતમાં યુનિફોર્મ સિવિલ કોડનું મૂળ નીચેના પૈકી કયા વર્ષમાં જોવા મળે છે ?

(A) 1833 (B) 1835 (C) 1856 (D) 1872 **(B)**

**10.** સુપ્રીમ કોર્ટે તેમના ચુકાદાઓમાં વારંવાર જણાવ્યું છે કે એકરૂપતાને પ્રોત્સાહન આપવા માટે સરકારે યુનિફોર્મ સિવિલ કોડ તરફ આગળ વધવું જોઈએ. નીચેના પૈકી કયો ચૂકાદો યુનિફોર્મ સિવિલ કોડ (UCC) માટે જાણીતો છે ?

(A) કેશવાનંદ ભારતી કેસ, 1973 (B) સરલા મુદગલ કેસ, 1995

(C) ઈન્દ્રા સાહની કેસ, 1992 (D) નાદિયા જાવેદ કેસ, 1960 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ભારત રત્ન : શ્રી પી.વી. નરસિમ્હા રાવ, શ્રી ચૌધરી ચરણસિંહ અને શ્રી એમ.એસ. સ્વામીનાથનને ભારત રત્ન

કેન્દ્ર સરકારે પૂર્વ વડાપ્રધાનો શ્રી ચૌધરી ચરણસિંહ અને શ્રી પી.વી. નરસિમ્હા રાવ તથા હરિતક્રાંતિના જનક ડો. એમ.એસ. સ્વામિનાથનને 'ભારત રત્ન'(મરણોત્તર) એનાયત કરવાની જાહેરાત કરી છે.

- આ અગાઉ શ્રી લાલ કૃષ્ણ અડવાણી અને શ્રી કર્પૂરી ઠાકુરને ભારત રત્ન એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- દેશના ઈતિહાસમાં એક વર્ષમાં પ્રથમવાર કોઈ પાંચ વ્યક્તિને ભારત રત્ન એનાયત કરવાની જાહેરાત થઈ છે.

### શ્રી પી.વી. નરસિમ્હા રાવ



શ્રી પી.વી.નરસિમ્હા રાવનો જન્મ 28 જૂન, 1921ના રોજ હૈદરાબાદ રાજ્ય (બ્રિટિશ ભારત દરમિયાન)ના લકનેપલ્લી ખાતે થયો હતો (હાલના તેલંગાણા રાજ્યમાં)

- તેમનું પૂરું નામ પમુલાપર્થી વેંકટ નરસિમ્હા રાવ છે, જેઓ ટૂંકમાં પી.વી. નરસિમ્હા રાવ તરીકે જાણીતા હતા.
- તેમના પિતાનું નામ સીતારામ રાવ અને માતાનું નામ રૂકમા બાઈ હતું.
- તેઓ વ્યવસાયે વકીલ હતા. આ ઉપરાંત ભારતીય સ્વાતંત્રતા સેનાની, વિદ્વાન અને સાહિત્યકાર હતા.
- સાહિત્ય અને કોમ્પ્યૂટર સોફ્ટવેર જેવા વિષયોમાં તેમને વ્યાપક રસ હતો, તેઓ 17 ભાષાઓ બોલતા હતા.
- તેઓ સ્વતંત્રતા બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય તરીકે પૂર્ણ–સમયના રાજકરણમાં જોડાયા હતા.
- તેમણે 1957 થી 1977 સુધી આંધ્રપ્રદેશ રાજ્ય વિધાનસભા માટે ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે 1962 થી 1973 સુધી આંધ્રપ્રદેશ સરકારમાં વિવિધ મંત્રી પદ પર સેવા આપી હતી.
- તેઓ 1971માં આંધ્રપ્રદેશના ચોથા મુખ્યમંત્રી બન્યા હતા, આ સમયે તેમણે જમીન સુધારવા અને જમીનની ટોચમર્યાદાના કાયદાનો કડક અમલ કર્યો હતો.
- તેમણે 1971 થી 1973 સુધી આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- તેમણે 1969માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું વિભાજન કરીને નવી કોંગ્રેસ પાર્ટીની રચનામાં ઈન્દિરા ગાંધીને ટેકો આપ્યો હતો. ત્યારબાદ 1978માં કોંગ્રેસ(I) પક્ષ તરીકે પુનઃસંગઠિત કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમણે <u>1991 થી 1996</u> સુધી ભારતના <u>9મા વડાપ્રધાન</u> તરીકે સેવા આપી હતી.
- તેઓ ભારતના વિવિધ રાજ્યો જેમ કે આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓડિશામાંથી ચૂંટણી લડ્યા હતા અને જીત્યા પણ હતા.
- તેમણે પ્રખ્યાત તેલુગુ નવલકથા '<u>વેયી પડગાલુ</u>'નો હિન્દી અનુવાદ '<u>સહસ્ત્ર ફાન</u>' પ્રકાશિત કર્યો હતો.
- તેમણે ભારત સરકારના વિદેશ મંત્રી, ગૃહ મંત્રી અને સંરક્ષણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- શ્રી પી.વી. નરસિમ્હા રાવને ભારતમાં '<u>આર્થિક સુધારાના પિતા</u>' તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતમાં આર્થિક સુધારાઓને દેશની <u>આર્થિક નીતિઓના ઉદારણીકરણ</u> તરીકે ઓળખવામાં આવે છે.
- તેમણે લાયસન્સ રાજ પ્રણાલીને નાબૂદ કરવા, લાલ ફીત ઘટાડવા અને ભારતીય ઉદ્યોગોને વધુ સ્પર્ધાત્મક બનાવવાનો પ્રયાસ કર્યો હતો.
- તેમણે વેપાર ઉદારીકરણ અને વૈશ્વિક અર્થતંત્ર ખાસ કરીને પૂર્વ એશિયાઈ અર્થતંત્રો સાથે ભારતીય અર્થતંત્રના પુનઃએકીકરણનો પાયો નાખ્યો હતો.
- વિદેશ નીતિની દષ્ટિએ તેમણે <u>ઈઝરાયેલ</u> સાથે રાજદ્વારી સંબંધો સ્થાપ્યા હતા.
- ભારતની <u>લૂક ઈસ્ટ પોલિસી</u> પણ તેમના કાર્યકાળ દરમિયાન શરૂ કરવામાં આવી હતી.
- તેઓ ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના દાયકાઓથી મૈત્રીપૂર્ણ સંબંધોને એકસાથે લાવવા માટે પણ જાણીતા હતા.
- <u>23 ડિસેમ્બર, 2004</u>ના રોજ તેનું નિધન થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ચૌધરી ચરણ સિંહ



શ્રી ચૌધરી ચરણ સિંહનો જન્મ <u>23 ડિસેમ્બર, 1902</u>ના રોજ <u>ઉત્તરપ્રદેશ</u>ના <u>નૂરપુર</u> ખાતે થયો હતો.

- તેમનો જન્મદિન 23 ડિસેમ્બર ભારતમાં '<u>રાષ્ટ્રીય કિસાન દિન</u>' તરીકે ઉજવાય છે.
- શ્રી ચૌધરી ચરણ સિંહ '<u>કિસાનોના મસિહા</u>' તરીકે પ્રસિદ્ધ છે.
- આથી, ખેડૂતોના કલ્યાણ માટે તેમણે કરેલા કાર્યોને બિરદાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ચૌધરી ચરણ સિંહ 28 જુલાઈ 1979થી 14 જાન્યુઆરી, 1980 દરમિયાન <u>જનતા પાર્ટી સરકાર</u>માં <u>ભારતના પાંચમા વડાપ્રધાન</u> હતા.

- 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 દરમિયાન શ્રી મોરારજીભાઈ દેસાઈની જનતા પાર્ટી સરકારમાં તેઓ શ્રી જગજીવન રામ સાથે ભારતના ત્રીજા નાયબ વડાપ્રધાન હતા.
- તેમણે શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકારમાં ભારતના નાણાંમંત્રી તેમજ ગૃહ મંત્રી તરીકે પણ સેવા આપી છે.
- આ ઉપરાંત ઉત્તરપ્રદેશના પાંચમા મુખ્યમંત્રી તરીકે પણ તેમણે સેવા આપી હતી.

## શ્રી ચૌધરી ચરણ સિંહ દ્વારા થયેલા કિસાન હિતના કાર્યો

શ્રી ચૌધરી ચરણ સિંહના કારણે જ **1 જુલાઈ 1952**ના રોજ ઉત્તરપ્રદેશમાં જમીનદારી પ્રથાનો અંત થયો હતો.

- કિસાનોના હિતમાં તેમણે **1954**માં ઉત્તરપ્રદેશમાં 'જમીન સંરક્ષણ કાયદો' પસાર કરાવ્યો હતો.
- ભારતના નાણાંમંત્રી અને નાયબ વડાપ્રધાનની રૂએ ભારતમાં 'રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક' **'NABARD'**ની સ્થાપનામાં પણ તેમની અગત્યની ભૂમિકા હતી.
- કિસાનોના કલ્યાણ માટે પોતાના વિચારો રજૂ કરતા અનેક પુસ્તકોનું પણ તેમણે સર્જન કર્યું છે.

## શ્રી ચૌધરી ચરણ સિંહના પ્રસિદ્ધ પુસ્તકો

શ્રી ચૌધરી ચરણ સિંહના કેટલાક પ્રસિદ્ધ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

(1) ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી–ધ ગાંધીયન બ્લુપ્રિન્ટ (1978)

(2) ઈકોનોમિક નાઈટમેર ઓફ ઈન્ડિયા : ઈટ્સ કોઝ એન્ડ કયોર (1981)

(3) જોઈન્ટ ફાર્મિંગ એકસ રે

(4) કો–ઓપરેટિવ ફાર્મિંગ એકસ રે

(5) અબોલિશન ઓફ જમીનદારી

(6) પીઝન્ટ પ્રોપરાઈટરશિપ ઓર લેન્ડ ટુ ધ વર્કર્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) દિલ્હી ખાતે આવેલું શ્રી ચૌધરી ચરણ સિંહનું સમાધિ સ્થળ 'કિસાન ઘાટ' તરીકે ઓળખાય છે.

(2) ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે આવેલું ઈન્ટરનેશનલ એરપોર્ટ ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકે ઓળખાય છે.

## શ્રી એમ. એસ. સ્વામીનાથન

ભારતમાં હરિયાળી ક્રાંતિના જનક તરીકે પ્રસિદ્ધ શ્રી એમ. એસ. સ્વામીનાથનનો જન્મ 7 ઓગસ્ટ, 1925ના રોજ મદ્રાસ પ્રેસિડેન્સીના કુમ્બકોન (હાલ તમિલનાડુ) ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ મનકોમ્બુ સાંબાસિવન સ્વામીનાથ છે.
- ડો. એમ. એસ. સ્વામીનાથનને ભારતના લોકપ્રીય કૃષિ વિજ્ઞાની તરીકે ઓળખવામાં આવે છે.
- તેમણે પ્રાણીશાસ્ત્ર અને કૃષિમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું.



- મદ્રાસ યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ પી.એચ.ડી. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી જિનેટિક્સમાં કર્યુ હતું.
- 1947માં તેઓ જિનેટિક્સ અને છોડના સંવર્ધનનો અભ્યાસ કરવા નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI) ગયા હતા.
- તેમણે 1949માં સાયટોજેનેટિક્સમાં ઉચ્ચ વિશિષ્ટતા સાથે અનુસ્નાતક ડિગ્રી મેળવી હતી, તેમનું સંશોધન બટાટા પર વિશેષ ધ્યાન આપીને સોલેનમ જીનસ પર કેન્દ્રિત હતું.
- સ્વામીનાથનને કૃષિ સંશોધન અને વિકાસમાં તેમના અભૂતપૂર્વ કાર્ય માટે 'ભારતની હરિત ક્રાંતિના પિતા' તરીકે ઓળખવામાં આવે છે.
- તેમણે ચોખા અને ઘઉંની ઉચ્ચ ઉપજ આપતી જાતોના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી, જેણે ભારતને ખાદ્યપદાર્થોની ખોટવાળા રાષ્ટ્રમાંથી આત્મનિર્ભર રાષ્ટ્રમાં પરિવર્તિત કરવામાં મદદ કરી હતી.
- પ્રસિદ્ધ અમેરિકન કૃષિશાસ્ત્રી શ્રી નોર્મન બોર્લગ સાથે સ્વામીનાથનના સહયોગી વૈજ્ઞાનિકો પ્રયાસો, ખેડૂતો અને અન્ય વૈજ્ઞાનિકો સાથે જન ચળવળનું નેતૃત્વ કરીને જાહેર નીતિઓ દ્વારા સમર્થિત 1960ના દાયકામાં ભારત અને પાકિસ્તાનને દુષ્કાળ જેવી પરિસ્થિતિમાંથી બચાવ્યા હતા.
- 1979 થી 1982 દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR)ના ડાયરેક્ટર–જનરલ તરીકે નિયુક્ત થયા હતા.
- 1982માં તેઓ ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર જનરલ બન્યા હતા.
- તેમણે 1988માં એમ.એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી એમ. એસ. સ્વામીનાથનનું અન્ય મુખ્ય યોગદાન

- **ભારતને 'હંગર ટ્રેપ'માંથી બહાર કાઢ્યું :** ભારતમાં હરિયાળી ક્રાંતિ લાવવામાં ખાદ્ય ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કરવામાં અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- **ઉન્નત પાક ઉત્પાદકતા :** ખાતરના પ્રતિભાવ માટે જમીનોને જાપોનીકા જાતોમાં સ્થાનાંતરિત કરવા પર સંશોધન હાથ ધર્યુ હતું. અને પાકની ઉત્પાદકતામાં વધારો કર્યો હતો.
- **ઘઉંની વામન જાત :** ભારતીય પરિસ્થિતિઓ માટે યોગ્ય ઉચ્ચ ઉપજ આપતી વામન ઘઉંની જાતો વિકસાવવા નોર્મન બોર્લગ સાથે સહયોગ કર્યો.
- **ચોખાની જાતો :** ઉચ્ચ ઉપજ આપતી બાસમતી ચોખાની જાતો વિકસાવી હતી અને વિવિધ પાકો માટે મ્યુટેશન ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો.

- **ટકાઉ કૃષિ :** પાકની જાતો સુધારવામાં ટકાઉ કૃષિ, આનુવંશિકતા અને સંવર્ધન મહત્ત્વ વિશે જાગૃતિ કેળવી હતી.
- **રાષ્ટ્રીય આયોગના વડા :** ખેડૂતો પરના રાષ્ટ્રીય આયોગના વડા તરીકે સેવા આપી હતી અને ખેડૂતોના પાક માટે વાજબી લઘુત્તમ ટેકાના ભાવની ભલામણ કરી હતી.
- શ્રી એમ.એસ. સ્વામીનાથનને એનાયત થયેલા મહત્ત્વના પુરસ્કારો નીચે મુજબ છે :

(1) પદ્મશ્રી (1967)

(2) રેમન મેગ્સેસે એવોર્ડ (1971)

(3) પદ્મભૂષણ (1972)

(4) વિશ્વ ખાદ્ય પુરસ્કાર (1987)

(5) પદ્મ વિભૂષણ (1989)

(6) ભારત રત્ન (2024)

**નોંધ :** (1) હરિયાળી ક્રાંતિ એ 1960ના દાયકામાં અમેરિકન કૃષિશાસ્ત્રી શ્રી નોર્મન બોર્લોગ દ્વારા શરૂ કરાયેલ એક પ્રયાસ હતો. તેઓ 'વિશ્વમાં હરિયાળી ક્રાંતિના પિતા' તરીકે ઓળખાય છે.

(2) ભારતમાં હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ મુખ્યત્વે શ્રી એમ. એસ. સ્વામીનાથન દ્વારા કરવામાં આવ્યું હતું. જેને ભારતમાં હરિયાળી ક્રાંતિના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

## ભારત રત્ન

ભારત રત્ન એ ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન પુરસ્કાર છે.

- આ સન્માન દર વર્ષે વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓને આપવામાં આવતું હતું.
- પરંતુ ઈતિહાસમાં પ્રથમ વખત વર્ષ 2024માં પાંચ વ્યક્તિના નામ જાહેર કરવામાં આવ્યા છે.
- આ સન્માન માટે ભારતના વડાપ્રધાન દ્વારા ભારતના રાષ્ટ્રપતિને ભલામણ કરવામાં આવે છે.
- ફેબ્રુઆરી, 2024 સુધીમાં કુલ 53 વ્યક્તિઓને આ પુરસ્કાર એનાયત થયો છે.

## ભારત રત્ન અંતર્ગત કેટલી રોકડ ધનરાશી આપવામાં આવે છે ?

ભારત રત્ન સાથે કોઈ નાણાકીય પુરસ્કાર જોડાયેલ નથી. આ પુરસ્કાર અંતર્ગત એકપણ રૂપિયાની રોકડ રકમ આપવામાં આવતી નથી.

- પણ ભારત રત્ન મેળવનારી વ્યક્તિને ભારતના પ્રોટોકોલ લિસ્ટમાં (1) રાષ્ટ્રપતિ (2) ઉપરાષ્ટ્રપતિ (3) વડાપ્રધાન (4) રાજ્યપાલ (5) પૂર્વ રાષ્ટ્રપતિ તથા નાયબ વડાપ્રધાન (6) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને લોકસભાના સ્પીકર બાદ સાતમા ક્રમે ગણવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારતના પ્રોટોકોલ લિસ્ટ (અગ્રતા ક્રમ)માં સાતમા ક્રમે ભારતરત્ન મેળવનાર વ્યક્તિ ઉપરાંત ભારત સરકારના કેબિનેટ મંત્રી, જે તે રાજ્યના મુખ્યમંત્રી, યોજના આયોગના ઉપાધ્યક્ષ, પૂર્વ વડાપ્રધાન તથા રાજ્ય સભા અને લોકસભાના વિરોધ પક્ષના નેતાનો સમાવેશ થાય છે.
- ભારત રત્ન મેળવનાર વ્યક્તિઓને રાષ્ટ્રપતિના હસ્તાક્ષરવાળું એક પ્રશસ્તિપત્ર અને પીપળાનાં પાનના આકારનું સન્માનચિહ્ન આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વડે સન્માનિત વ્યક્તિ પોતાના નામ આગળ કોઈ પદવી લખતા નથી.

## ભારત રત્ન કોને એનાયત થાય છે ?

ભારતમાં રાષ્ટ્રની સેવા બદલ આ પુરસ્કાર એનાયત થાય છે.

- આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અથવા સાર્વજનિક ક્ષેત્રે આપેલી સેવાઓનો સમાવેશ થાય છે.
- શરૂઆતમાં આ સન્માન ફક્ત કલા, વિજ્ઞાન, સાહિત્ય અને જાહેરસેવાના ક્ષેત્રમાં પ્રદાન કરનારી વ્યક્તિઓને જ આપવામાં આવતું હતું.
- પરંતુ ડિસેમ્બર, 2011માં થયેલા સુધારા મુજબ હવે આ પુરસ્કાર વિસ્તૃત રીતે 'કોઈપણ ક્ષેત્રમાં માનવસેવાના પ્રયાસ' બદલ આપવામાં આવે છે.

## ભારત રત્ન પુરસ્કારનો પ્રારંભ

ભારતમાં 2 જાન્યુઆરી, 1954ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદ દ્વારા 'ભારત રત્ન'નો પ્રારંભ થયો હતો.

- ભારતમાં રાષ્ટ્રપતિના જાહેરનામા દ્વારા આ પુરસ્કારનો પ્રારંભ થયો હતો.
- 'ભારત રત્ન' અંગે ભારતના બંધારણમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી.
- 1954માં સૌપ્રથમ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન, શ્રી સી. રાજગોપાલાચારી અને શ્રી સી. વી. રામનને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- વર્ષ 2015માં શ્રી મદન મોહન માલવીય અને શ્રી અટલ બિહારી વાજપેયીને ભારત રત્ન એનાયત થયો હતો. ત્યારબાદ છેલ્લે વર્ષ 2019માં શ્રી પ્રણવ મુખર્જી, શ્રી નાનાજી દેશમુખ અને શ્રી ભૂપેન હજારિકાને ભારત રત્ન એનાયત થયો હતો.
- ત્યારબાદ વર્ષ 2024માં શ્રી કર્પુરી ઠાકુર, શ્રી લાલ કૃષ્ણ અડવાણી, શ્રી પી.વી.નરસિમ્હા રાવ, શ્રી ચૌધરી ચરણ સિંહ અને શ્રી એમ.એસ.સ્વામીનાથનને ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત રત્ન પ્રથમ અને અંતિમ

| વર્ષ | વિજેતા |
|---|---|
| 1954 | ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન, શ્રી સી. રાજગોપાલાચારી અને શ્રી સી. વી. રામન |
| 2015 | શ્રી મદન મોહન માલવીય અને શ્રી અટલ બિહારી વાજપેયી |
| 2019 | શ્રી પ્રણવ મુખર્જી, શ્રી નાનાજી દેશમુખ અને શ્રી ભૂપેન હજારિકા |
| 2024 | શ્રી કર્પુરી ઠાકુર, શ્રી લાલ કૃષ્ણ અડવાણી, શ્રી પી.વી. નરસિમ્હા રાવ, શ્રી ચૌધરી ચરણ સિંહ, શ્રી એમ.એસ.સ્વામીનાથન |

## ભારત રત્ન સ્થગિત

અત્યાર સુધીમાં ભારત રત્ન પુરસ્કાર બે વખત સ્થગિત કરવામાં આવ્યો છે :

(1) 13 જુલાઈ, 1977થી જાન્યુઆરી 1980 સુધી શ્રી મોરારજીભાઈ દેસાઈ સરકાર દ્વારા અને

(2) 1992 થી 1995 સુધી મધ્યપ્રદેશ અને કેરળ રાજ્યની હાઈકોર્ટમાં આ સન્માનોની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને કારણે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત રત્ન વિજેતા વિદેશી વ્યક્તિઓ

સામાન્ય રીતે આ સન્માન ભારતના નાગરિકને જ આપવામાં આવે છે.

- પરંતુ સૌપ્રથમ 1980માં ભારતની બહાર જન્મેલાં અને પાછળથી ભારતનું નાગરિકત્વ મેળવનાર મધર ટેરેસાને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- ત્યારબાદ પાકિસ્તનના નાગરિક શ્રી ખાન અબ્દુલ ગફાર ખાનને 1987માં અને દક્ષિણ આફ્રિકાના નાગરિક શ્રી નેલ્સન મંડેલાને 1990માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા મહિલાઓ

વર્ષ 2024 સુધીમાં કુલ પાંચ મહિલાઓને 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો છે.

- આ પાંચ મહિલાઓમાં શ્રીમતી ઈન્દિરા ગાંધી, મધર ટેરેસા, શ્રીમતી અરૂણા આસફઅલી, શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મી અને શ્રીમતી લતા મંગેશકરનો સમાવેશ થાય છે.
- જેમાં સૌપ્રથમ શ્રીમતી ઈન્દિરા ગાંધીને 1971માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા મહિલાઓ

| ક્રમ | વિજેતા | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 1971 |
| 2 | મધર ટેરેસા | 1980 |
| 3 | શ્રીમતી અરૂણા આસફઅલી | 1997 |
| 4 | શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મી | 1998 |
| 5 | શ્રીમતી લતા મંગેશકર | 2001 |

## ભારત રત્ન વિજેતા ગુજરાતીઓ

વર્ષ 2024 સુધીમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને શ્રી મોરારજી રણછોડજી દેસાઈ એમ ગુજરાતમાં જન્મેલા કુલ બે ગુજરાતીઓને જ આ પુરસ્કાર એનાયત થયો છે.

- આ બંનેને વર્ષ 1991માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા ગુજરાતીઓ

| ક્રમ | વિજેતા | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ | 1991 |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | 1991 |

**નોંધ :** ગુજરાતના અમદાવાદ ખાતે સ્થાયી થયેલા શ્રી ગુલઝારી લાલ નંદાને 1997માં 'ભારત રત્ન' એનાયત થયો હતો. પરંતુ તેમનો જન્મ પાકિસ્તાનના સિયાલકોટમાં થયો હતો.

## ભારત રત્ન વિજેતા સૌથી નાની તથા મોટી ઉંમરની વ્યક્તિઓ

ભારત રત્ન વિજેતા સૌથી નાની વયના વ્યક્તિ શ્રી સચિન તેંડુલકર છે. શ્રી સચિન તેંડુલકરને વર્ષ 2014માં ફક્ત 40 વર્ષની વયે આ પુરસ્કાર એનાયત થયો હતો.

- જ્યારે ભારત રત્ન વિજેતા સૌથી વડીલ વ્યક્તિ શ્રી ધોન્ડો કેશવ કર્વે છે.
- પ્રસિદ્ધ સમાજ સેવક શ્રી ધોન્ડો કેશવ કર્વેને 1958માં 100 વર્ષની વયે આ પુરસ્કાર એનાયત થયો હતો.

**નોંધ :** (1) વર્ષ 2024 સુધીમાં કુલ 49 વ્યક્તિઓમાંથી કુલ 18 વ્યક્તિઓને આ પુરસ્કાર મરણોત્તર એનાયત થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) જેમાં સૌપ્રથમ 1966માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીને સૌપ્રથમ વખત આ પુરસ્કાર મરણોત્તર એનાયત થયો હતો.

(3) શ્રી સુભાષચંદ્ર બોઝને 1992માં મરણોત્તર 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો હતો. પરંતુ નેતાજી સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ વિવાદાસ્પદ હોવાથી તેમને એનાયત થયેલા આ એવોર્ડના મરણોપરાંત સ્વરૂપ અંગે પ્રશ્નો સર્જાયા હતા. આથી, ભારત સરકારે આ સન્માન પાછું લઈ લીધું હતું. ભારત સરકાર દ્વારા એનાયત થયેલો ભારત રત્ન પુરસ્કાર પાછો લઈ લેવાનું આ એકમાત્ર ઉદાહરણ છે.

## ભારત રત્ન મેડલની ડિઝાઈન

હાલ એનાયત થતા ભારત રત્ન પુરસ્કારના મેડલમાં તાંબાના બનેલા પિપળના પત્તા પર પ્લેટિનમનો ચમકતો સૂર્ય છે.

- તેની નીચે દેવનાગિરી લિપીમાં ચાંદીથી "ભારત રત્ન" લખેલું હોય છે.
- આ મેડલની બીજી બાજુ પ્લેટિનમનું બનેલું ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન અને તેની નીચે દેવનાગરિગી લિપીમાં 'સત્યમેવ જયતે' લખાયેલું હોય છે.
- આ અગાઉ પ્રારંભમાં 'ભારત રત્ન' વિજેતા વ્યક્તિને 35 mmનો ગોળાકાર સુવર્ણ ચંદ્રક એનાયત થતો હતો.

## ભારત 2047 સુધીમાં છ મેગા પોર્ટ વિકસાવશે

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા તાજેતરના અપડેટમાં વર્ષ 2047 સુધીમાં ભારતમાં મેગા પોર્ટના વિકાસ માટે નોંધપાત્ર યોજનાની રૂપરેખા આપવામાં આવી છે.

- વર્ષ 2047 સુધીમાં મેગા પોર્ટ તરીકે વિકાસ માટે છ પોર્ટ ક્લસ્ટરોની ઓળખ કરવામાં આવી છે.
- વાર્ષિક 300 મિલિયન ટન (MTPA)થી વધુ ક્ષમતા ધરાવતા ચાર પોર્ટ ક્લસ્ટર :

  (1) કોચીન–વિઝિંજામ

  (2) ગૈલાથિયા દક્ષિણી ખાડી પોર્ટ

  (3) ચેન્નાઈ–કામરાજર–કુડ્ડલોર પોર્ટ ક્લસ્ટર

  (3) પારાદીપ અને અન્ય બિન–મુખ્ય બંદર ક્લસ્ટર
- 500 MTPAથી વધુ ક્ષમતા ધરાવતા બે પોર્ટ ક્લસ્ટર :

  (1) દીનદયાળ અને તુના ટેકરા

  (2) જવાહરલાલ નહેરુ–વાધવાન
- મેરીટાઈમ અમૃતકાળ વિઝન, 2047ના ભાગરૂપે મોટા બંદરો ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરી રહ્યા છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં નીચેના પૈકી કોને વર્ષ 2024ના 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

1. શ્રી કર્પુરી ઠાકુર
2. શ્રી લાલ કૃષ્ણ અડવાણી
3. શ્રી ચૌધરી ચરણ સિંહ
4. શ્રી પી.વી. નરસિમ્હા રાવ
5. ડો. એમ.એસ.સ્વામીનાથન

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 5 (B) માત્ર 1, 3 અને 5
(C) માત્ર 1, 2, 3 અને 4 (D) 1, 2, 3, 4 અને 5 **(D)**

2. વર્ષ 2024 સુધીમાં કુલ કેટલી વ્યક્તિઓને 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો છે ?

(A) 47 (B) 53 (C) 58 (D) 61 **(B)**

3. 'ભારત રત્ન' સંદર્ભે નીચેના વિધાનો પૈકી કયું વિધાન અયોગ્ય છે ?

(A) વર્ષ 1954માં કુલ ત્રણ વ્યક્તિને આ પુરસ્કાર એનાયત થયો હતો.
(B) અત્યાર સુધીમાં ભારત રત્ન પુરસ્કાર બે વખત સ્થગિત કરવામાં આવ્યો છે.
(C) વર્ષ 2024 સુધીમાં કુલ પાંચ મહિલાઓને ભારત રત્ન પુરસ્કાર એનાયત થયો છે.
(D) ગુજરાત રાજ્યમાંથી અત્યાર સુધીમાં 6 વ્યક્તિઓને ભારત રત્ન મળ્યો છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. ભારતમાં કોનો જન્મદિન 'કિસાન દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી અટલ બિહારી વાજપેઈ (B) શ્રી જયપ્રકાશ નારાયણ
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી ચૌધરી ચરણ સિંહ **(D)**

5. ભારતમાં 'હરિયાળી ક્રાંતિના જનક' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) ડો. રાજેન્દ્રસિંહ પરોડા (B) શ્રી બિપિન ચૌહાણ
(C) શ્રી હેમસિંહ રાઠોર (D) ડો. એમ.એસ.સ્વામીનાથન **(D)**

6. 'ભારતમાં આર્થિક સુધારાના પિતા' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) શ્રી યશવંત સિન્હા (B) શ્રી પી.વી. નરસિમ્હા રાવ
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી જયપ્રકાશ નારાયણ **(B)**

7. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા તાજેતરના અપડેટમાં જણાવ્યા મુજબ વર્ષ 2047 સુધીમાં ભારતમાં કેટલા મેગા પોર્ટ વિકસાવવામાં આવશે ?

(A) બે (B) છ (C) આઠ (D) બાર **(B)**

## દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, (1) વિશ્વ રેડિયો દિવસ (World Radio Day)
## (2) રાષ્ટ્રીય મહિલા દિવસ (સરોજિની નાયડુ જન્મદિન)

### વિશ્વ રેડિયો દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 13 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ રેડિયો દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- UNESCOની 36મી જનરલ કોન્ફરન્સમાં 3 નવેમ્બર, 2011ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ માટેનો પ્રસ્તાવ સ્પેન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- આ દિવસનો ઉદ્દેશ્ય એ હકીકત પ્રકાશિત કરવાનો છે કે રેડિયો સંઘર્ષ નિવારણનો આધારસ્તંભ છે અને વિશ્વમાં શાંતિ જાળવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- વર્ષ 2024ના 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ 'Radio in the First half of the 20th Century' છે.

### રાષ્ટ્રીય મહિલા દિવસ




શ્રીમતી સરોજિની નાયડુનો જન્મ દિવસ ભારતમાં 'રાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતની કોકિલાના ઉપનામથી જાણીતા શ્રીમતી સરોજિની નાયડુનો જન્મ 13 ફેબ્રુઆરી, 1879ના રોજ હૈદરાબાદ ખાતે થયો હતો.
- વર્ષ 1925માં કાનપુર ખાતેના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં તેમણે અધ્યક્ષતા કરી હતી.
- શ્રીમતી સરોજિની નાયડુ શરૂઆતથી જ આઝાદીની લડતમાં સક્રિય હતા. ધરાસણા મીઠાના સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી અને અન્ય તમામ નેતાઓની ધરપકડ થયા બાદ તેમણે સત્યાગ્રહીઓનું નેતૃત્વ કર્યું હતું.
- ભારતમાં પ્લેગના રોગચાળા દરમિયાન લોકોની સેવા કરવા માટે બ્રિટિશ સરકારે "કેસર–એ–હિંદ"નું બિરુદ આપ્યું હતું. જે જલિયાવાલા બાગ હત્યાકાંડના બનાવ બાદ પરત કર્યું હતું.
- સ્વતંત્રતા બાદ તેમની ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જે ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ હતા.
- સરોજિની નાયડુ ભારતમાં હિન્દુ–મુસ્લિમ એકતાના પ્રબળ સમર્થક હતા. તથા તેમની કવિતાઓ માટે તેમને 'ભારતની બુલબુલ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિ

મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિ જ્ઞાન–જ્યોતિ પર્વની સ્મૃતિમાં ટંકારામાં ત્રણ દિવસીય ઉજવણી કરવામાં આવી હતી.

- ઉજવણીની શરૂઆતમાં ટંકારામાં મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જન્મસ્થળથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.
- આ ઉજવણી પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી સંબોધન કર્યુ હતું.
- આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ટંકારા ઉપસ્થિત રહ્યા હતા.
- રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે વેદનો વ્યાપ વધારવા માટે આર્ય સમાજને દર વર્ષે 1 કરોડનું દાન આપવામાં આવશે.
- આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટંકારા ખાતે બનેલા ઓવરબ્રીજને દયાનંદ સરસ્વતી બ્રીજ નામ આપવાની જાહેરાત કરી હતી.

### જ્ઞાનજ્યોત તીર્થ

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે ટંકારા ખાતે 200 કરોડના ખર્ચે બની રહેલા દયાનંદ સરસ્વતીના સ્મારક જ્ઞાનજ્યોતિ તીર્થનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

### સ્વામી દયાનંદ સરસ્વતી

સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ 12 ફેબ્રુઆરી, 1824ના રોજ મોરબી પાસેના ટંકારા ખાતે થયો હતો.

- સ્વામી દયાનંદ સરસ્વતીનું નામ મૂળશંકર તિવારી (ત્રિવેદી, તેના મૂળસ્વરૂપમાં) હતું.
- તેમના પિતાનું નામ કરશનજી લાલજી તિવારી (ત્રિવેદી) અને માતાનું નામ યશોદાબાઈ હતું.
- તેર વર્ષ સુધીમાં તેમણે સંસ્કૃત વ્યાકરણ તથા શબ્દરૂપાવલીનો અભ્યાસ કર્યો અને શુક્લ યજુર્વેદનો કેટલોક ભાગ કંઠસ્થ કરી લીધો હતો.
- ઈ.સ.1846માં તેમણે ગૃહત્યાગ કરી, સાયલા ગામે લાલા ભગતના સ્થાનકમાં આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવાનો સંકલ્પ કરી, શુદ્ધચૈતન્ય નામ ધારણ કર્યુ હતું.
- નર્મદા નદીના કિનારે ભ્રમણ કરતા, ચાંદોદ પાસે તેમણે વિદ્વાન સાધુ પૂર્ણાનંદ સરસ્વતીથી પ્રભાવિત થયા હતા અને તેમની પાસે સન્યસ્ત ગ્રહણ કર્યો હતો.
- પૂર્ણાનંદ સ્વામીએ મૂળશંકરને સ્વામી દયાનંદ સરસ્વતી નામ આપ્યું હતું.



- તેમણે 'વેદો તરફ પાછા વળો'નું સૂત્ર આપ્યું હતું.
- સ્વામી દયાનંદ સરસ્વતીના ગુરુનું નામ શ્રી વિરાજાનંદ હતું.
- ઈ.સ. 1846માં ગૃહત્યાગ કર્યા બાદ તેમણે સમાજ સુધારણા ક્ષેત્રે કાર્ય આરંભી મૂર્તિપૂજા, બ્રહ્મપ્રથા, જાતિભેદ, અસ્પૃશ્યતા નિવારણ વગેરે ક્ષેત્રે કાર્યો કર્યા હતા.
- તેઓ મૂર્તિપૂજાના વિરોધી હતા.
- 1875માં તેમણે મુંબઈ ખાતે આર્ય સમાજની સ્થાપના કરી હતી.
- દયાનંદ સરસ્વતીએ 'ગૌરક્ષા આંદોલન' શરૂ કર્યુ હતું.
- આ ઉપરાંત તેમણે ગાયોની રક્ષા માટે 'ગૌરક્ષક સમિતિ'ની સ્થાપના કરી હતી.
- તેમણે 'સત્યાર્થ પ્રકાશ' નામે ગ્રંથની રચના કરી હતી, આ ગ્રંથ હિન્દી ભાષામાં લખાયેલો છે.
- 'સત્યાર્થ પ્રકાશ'માં તેમણે ઘેર મીઠું પકાવવાના બ્રિટિશ કાયદાનો વિરોધ કર્યો હતો.
- આર્ય સમાજના સભ્યોએ ધર્મપરિવર્તન વટલાવ પ્રવૃત્તિનો વિરોધ કરી ખ્રિસ્તી ધર્મમાં ધર્માન્તર કરેલા લોકોને હિન્દુ ધર્મમાં પાછા વળાવા 'શુદ્ધિ આંદોલન' શરૂ કર્યુ હતું.
- તેઓ કુરિવાજોના વિરોધી હતા, તેમણે 'પરોપકારિણી સભા'ની સ્થાપના કરી હતી. તેમણે પોતાની બધી સંપત્તિ વેદોના પ્રચાર, વેદોના શિક્ષણ તથા નિર્ધનોને મદદ કરવા માટે તેને સોંપી દીધી હતી.
- ઈ.સ. 1883માં દૂધમાં વિષ(ઝેર) આપી દ્વેષગ્રસ્ત વિરોધીએ તેમની હત્યા કરી હતી.
- આર્ય સમાજ સાથે લાલા હંસરાજ, લાલા લજપતરાય, પંડિત ગુરુદત્ત, સ્વામી શ્રદ્ધાનંદ વગેરે જોડાયેલા હતા.
- ઈ.સ. 1886માં લાલા હંસરાજે લાહોરમાં 'એંગ્લો વેદીક કોલેજ'ની સ્થાપના કરી હતી.
- આ ઉપરાંત ઈ.સ.1902માં સ્વામી શ્રદ્ધાનંદ દ્વારા હરિદ્વાર મુકામે 'કાંગડી ગુરુકૂળ'ની સ્થાપના કરવામાં આવી હતી.

**નોંધ :** (1) આર્ય સમાજનો ઉદ્દેશ્ય વેદ (સૌથી જૂના હિન્દુ ગ્રંથો)ને સત્ય તરીકે પુનઃસ્થાપિત કરવાનો છે.
(2) પશ્ચિમ અને ઉત્તર ભારતમાં આર્યસમાજનો પ્રભાવ વધુ રહ્યો છે.

## ઈન્ડિયન ઓઈલ માર્કેટ આઉટલુક 2030 : IEA

તાજેતરમાં ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ ઈન્ડિયન ઓઈલ માર્કેટ આઉટલુક 2030 રિપોર્ટ બહાર પાડ્યો છે.

- જે દર્શાવે છે કે 2030 સુધીના સમયગાળામાં વૈશ્વિક ઓઈલ માર્કેટમાં ભારતની ભૂમિકા કેવી રીતે વિકસિત થઈ શકે છે.

## રિપોર્ટની મુખ્ય બાબતો

ભારતની કુલ તેલની માંગ 2023માં 5.48 મિલિયન bpdની સામે 2030માં 6.64 મિલિયન bpd રહેવાનો અંદાજ છે.

- ભારત વર્તમાનથી વર્ષ 2030ની વચ્ચે વૈશ્વિક તેલની માંગ વૃદ્ધિનો સૌથી મોટો સ્ત્રોત બનવાનો અંદાજ છે અને 2047 સુધીમાં ચીનને પાછળ છોડી દેશે.
- ભારતની તેલની માંગ 2023 સુધીમાં લગભગ 1.2 મિલિયન બેરલ પ્રતિ દિવસ (bpd) વધવાની છે.
- આ વધારો 2030 સુધીમાં 3.2 મિલિયન bpdની અપેક્ષિત વૈશ્વિક માંગ વૃદ્ધિના ત્રીજા કરતા વધુ છે.
- આ વૃદ્ધિ તેની અર્થવ્યવસ્થા, વસતી અને જનસંખ્યામાં ઝડપી વૃદ્ધિ જેવા પરિબળો દ્વારા ચલાવવામાં આવે છે.
- ડીઝલ અથવા ગેસોઈલને ભારતમાં તેલની માંગ વૃદ્ધિના સૌથી મોટા સ્ત્રોત તરીકે ઓળખવામાં આવે છે. જે દેશની માંગ વૃદ્ધિના લગભગ અડધા અને 2030 સુધીમાં વૈશ્વિક તેલની માંગ વૃદ્ધિના છઠ્ઠા ભાગથી વધુ હિસ્સો ધરાવે છે.
- જેટ–કેરોસીનની માંગ દર વર્ષે 5.9%ના સરેરાશ દરે મજબૂત રીતે વધવાની તૈયારીમાં છે, પરંતુ અન્ય દેશોની તુલનામાં નીચા આધારથી ઓછી છે.
- માંગ વૃદ્ધિ અને સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડાના કારણે ભારતની ક્રૂડ ઓઈલની આયાત 2030 સુધીમાં એક ક્વાર્ટરથી વધુ વધીને 58 મિલિયન bpd થવાનો અંદાજ છે.
- ભારત હાલમાં તેની 85%થી વધુ તેલની જરૂરિયાતોને પહોંચી વળવા માટે આયાત પર નિર્ભર છે.
- ભારતીય ઓઈલ કંપનીઓ સ્થાનિક તેલની માંગમાં વધારાને પહોંચી વળવા રિફાઈનિંગ ક્ષેત્રમાં ભારે રોકાણ કરી રહી છે, આગામી સાત વર્ષોમાં 1 મિલિયન બેરલ/દિવસ નવી રિફાઈનરી ડિસ્ટિલેશન ક્ષમતા ઉમેરવામાં આવશે. જે ચીનની બહાર વિશ્વના અન્ય કોઈપણ દેશ કરતા વધુ છે.
- ઈલેક્ટ્રિક વાહનોનો વધતો જતો ટ્રેન્ડ ટ્રાન્સપોર્ટ સેક્ટરને ડીકાર્બોનાઈઝ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.
- એવો અંદાજ છે કે સંયુક્ત, નવી EVs અને ઊર્જા કાર્યક્ષમતામાં સુધારાઓ 2023-2030ના સમયગાળા દરમિયાન વધારાની તેલની 480 kb/d માંગને ટાળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ રેડિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 ફેબ્રુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 13 ફેબ્રુઆરી (D) 14 ફેબ્રુઆરી **(C)**

2. વર્ષ 2024ના 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ શું છે ?
   (A) Radio and Sports
   (B) Radio and Diversity
   (C) Radio and You
   (D) Radio in the First half of the 20th Century **(D)**

3. ભારતમાં કોનો જન્મ દિવસ 13 ફેબ્રુઆરી 'રાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?
   (A) શ્રીમતી સરોજિની નાયડુ (B) શ્રીમતી ઈન્દિરા ગાંધી
   (C) શ્રીમતી સુચેતા કૃપલાણી (D) ડૉ એની બેસન્ટ **(A)**

4. વર્ષ 2024માં મહર્ષિ દયાનંદ સરસ્વતીની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી ?
   (A) 100મી (B) 125મી (C) 175મી (D) 200મી **(D)**

5. સ્વામી દયાનંદ સરસ્વતી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?
   1. તેમનો જન્મ મોરબી પાસેના ટંકારામાં થયો હતો.
   2. તેમનું મૂળનામ મૂળશંકર હતું.
   3. તેમણે 'વેદો તરફ પાછા વળો'નું સૂત્ર આપ્યું હતું.
   4. 1875માં તેમણે મુંબઈ ખાતે આર્ય સમાજની સ્થાપના કરી હતી.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2 અને 4 (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 2, 3 અને 4 **(C)**

6. તાજેતરમાં ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ 'ઈન્ડિયન ઓઈલ માર્કેટ આઉટલુક 2030 રિપોર્ટ' બહાર પાડ્યો છે, તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   (A) આ રિપોર્ટ અનુસાર ભારતની કુલ તેલની માંગ 2023માં 5.48 મિલિયન bpdની સામે 2030માં 6.64 મિલિયન bpd રહેવાનો અંદાજ છે.
   (B) આ રિપોર્ટ અનુસાર ભારત વર્તમાનથી વર્ષ 2030ની વચ્ચે વૈશ્વિક તેલની માંગ વૃદ્ધિનો સૌથી મોટો સ્ત્રોત બનવાનો અંદાજ છે અને 2047 સુધીમાં ચીનને પાછળ છોડી દેશે.
   (C) (A) અને (B) બંને સાચા
   (D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ




ભારતમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ના વિકલ્પ તરીકે 'માતૃપિતૃ પૂજન દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસે ગુજરાત સહિત ભારતના કેટલાક રાજ્યોની સ્કૂલોમાં સ્કૂલના બાળકો દ્વારા તેમના માતા–પિતાની પૂજા કરવામાં આવે છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2007થી થયો હતો.

નોંધ : (1) વિશ્વમાં અનેક દેશોમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) સંત વેલેન્ટાઈન્સની યાદમાં ઉજવાતા આ દિવસને 'સંત વેલેન્ટાઈન્સ ડે' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2023માં ભારત 38મા ક્રમે

તાજેતરમાં World Bank દ્વારા 'લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ રિપોર્ટ 2023' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- જેમાં ભારતની લોજિસ્ટિક્સ કામગીરીમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.
- વિશ્વ બેન્કના આ 'લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ રિપોર્ટ 2023'માં ભારત 139 દેશોમાંથી 38માં ક્રમે છે.



- ભારતનો આ રેન્ક 2018ની સ્થિતિએ 44 થી છ ક્રમ સુધર્યો છે અને 2014માં 54થી 16 ક્રમનો સુધારો થયો છે.
- કેન્દ્રીય મંત્રી શ્રી સોમ પ્રકાશ દ્વારા શેર કરાયેલ આ ડેટા હાઈલાઈટ્સ કસ્ટમ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ સેવાઓ, શિપમેન્ટ એરેજમેન્ટ, ટ્રેકિંગ અને સમયસરતામાં પ્રગતિ, યુનિફાઈડ લોજિસ્ટિક્સ ઈન્ટરફેસ પ્લેટફોર્મ જેવા ડિજિટલ સુધારાઓ સાથે પી.એમ. ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન અને નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી જેવી પહેલો આ સકારાત્મક વલણમાં ફાળો આપે છે.
- લોજિસ્ટિક્સ પર્ફોમન્સ ઈન્ડેક્સ (LPI) એ વિશ્વ બેંક દ્વારા બનાવવામાં આવેલ રિપોર્ટ છે, જે દેશોને તેમના વેપાર લોજિસ્ટિક્સ પ્રદર્શનમાં પડકારો અને તકો ઓળખવામાં મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતના ઓલ્ડેસ્ટ ક્રિકેટર શ્રી દત્તાજીરાવ ગાયકવાડનું 95 વર્ષની વયે નિધન

ભારતના સૌથી ઓલ્ડેસ્ટ ટેસ્ટ ક્રિકેટર અને ભૂતપૂર્વ સુકાની શ્રી દત્તાજીરાવ ગાયકવાડનું 95 વર્ષની વયે નિધન થયું છે.



- તેઓ દત્તા ગાયકવાડ તરીકે જાણીતા હતા.
- તેમણે 1952 થી 1961ની વચ્ચે ભારત માટે 11 ટેસ્ટ મેચ રમી હતી.
- શ્રી દત્તાજીરાવ ગાયકવાડે 1947 થી 1961 સુધી રણજી ટ્રોફીમાં બરોડાનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.
- તેમણે ઓવરઓલ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 5788 રન બનાવ્યા હતા.
- 2016માં તેઓ ભારતના સૌથી ઓલ્ડેસ્ટ ક્રિકેટર બન્યા હતા, તેમના પહેલા શ્રી દીપક શોધન ભારતના સૌથી ઓલ્ડેસ્ટ ટેસ્ટ ક્રિકેટર હતા.
- શ્રી દત્તાજીરાવ ગાયકવાડના પુત્ર શ્રી અંશુમન ગાયકવાડ પણ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર છે.
- તેમણે 1952માં લીડ્સ ખાતે ઈંગ્લેન્ડ સામે પદાર્પણ કર્યુ હતું અને 1961માં પાકિસ્તાન સામે ચેન્નાઈમાં પોતાની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં 'માતૃપિતૃ પૂજન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ફેબ્રુઆરી (B) 14 ફેબ્રુઆરી (C) 15 ફેબ્રુઆરી (D) 16 ફેબ્રુઆરી **(B)**

2. તાજેતરના વિશ્વ બેંકના 'લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ રિપોર્ટ, 2023'માં ભારતનો ક્રમ શું છે ?

(A) 38 (B) 39 (C) 32 (D) 31 **(A)**

3. તાજેતરમાં શ્રી દત્તાજીરાવ ગાયકવાડનું નિધન થયું છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ હતા ?

(A) હોકી (B) ક્રિકેટ (C) કબડ્ડી (D) ફૂટબોલ **(B)**

## અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2024માં ઓસ્ટ્રેલિયાનો વિજય

તાજેતરમાં 19 જાન્યુઆરી થી 11 ફેબ્રુઆરી, 2024 દરમિયાન દક્ષિણ આફ્રિકામાં અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2024નું આયોજન થયું હતું.

- વર્ષ 2024માં યોજાયેલો આ 15મો અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ હતો.
- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતને પરાજય આપીને ઓસ્ટ્રેલિયાએ આ વર્લ્ડ કપ ચોથી વખત જીતી લીધો છે.

### ફાઈનલ મેચ

દક્ષિણ આફ્રિકામાં બેનોનીના વિલોમૂર પાર્ક સ્ટેડિયમમાં અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2024ની ફાઈનલ મેચ રમાઈ હતી.

- જેમાં ભારતને હરાવી ઓસ્ટ્રેલિયાએ આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- આ ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડી શ્રી માહલી બીર્ડમેન 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.

### U-19 વર્લ્ડ કપમાં એવોર્ડ

આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર શ્રી ક્વેના મફાકાને 'પ્લેયર ઓફ ધ સિરીઝ' એવોર્ડ એનાયત થયો હતો.

- આ અંડર-19 વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ શ્રી ક્વેના માફાકાએ જ ઝડપી હતી.
- જ્યારે આ વર્લ્ડ કપમાં સૌથી વધુ રન ભારતના ખેલાડી શ્રી ઉદય સહારન (397 રન)એ ફટકાર્યા હતા.

### અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ

અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ વર્ષ 1988થી થયો હતો.




- 1988 બાદ 1998થી દર બે વર્ષે આ વર્લ્ડ કપ યોજાય છે.
- અત્યાર સુધીમાં 15 વખત આ વર્લ્ડ કપનું આયોજન થયું છે.
- જેમાંથી ભારતે સૌથી વધુ 5 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.
- ભારત બાદ બીજા ક્રમે ઓસ્ટ્રેલિયાએ 4 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2022માં વેસ્ટ-ઈન્ડિઝમાં અંડર-19 વર્લ્ડ કપ યોજાયો હતો, જેમાં ભારતે ઈંગ્લેન્ડને પરાજય આપી આ વર્લ્ડ કપ જીતી લીધો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) અંડર-19 વર્લ્ડ કપ 2024માં ભારતીય ટીમના કેપ્ટન શ્રી ઉદય સહારન હતા. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમના કેપ્ટન હ્યુગ વેઈબજેન હતા.

## ઓડિશાના ગુપ્તેશ્વર જંગલને બાયો - ડાયવર્સિટી હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું

ઓડિશા સરકારે સત્તાવાર રીતે કોરાપુટ જિલ્લામાં ગુપ્તેશ્વર જંગલને ઓડિશા રાજ્યની ચોથી જૈવવિવિધતા હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરી છે.



- જે પર્યાવરણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- આ સાઈટ 350 હેક્ટરના સીમાંકિત વિસ્તારમાં ફેલાયેલી છે.

### ગુપ્તેશ્વર જંગલ

તે ઓડિશાના કોરાપુટ જિલ્લામાં ગુપ્તેશ્વર શિવ મંદિરની (ગુપ્તેશ્વર ગુફામાં) બાજુમાં આવેલું છે.

- પ્રાકૃતિક વિવિધતાની સાથે તેની પવિત્રતાના કારણે સ્થાનિક સમુદાય દ્વારા પણ તેની પૂજા કરવામાં આવે છે.
- તે પૂર્વ ઘાટની પર્વતમાળામાં આવેલું છે.
- બારમાસી વંશધરા નદી તેના વૈવિધ્યસભર ઈકોસિસ્ટમને પોષતી, જંગલની જીવનરેખા તરીકે સેવા આપે છે.
- આ જંગલ વનસ્પતિ જીવનનો ખજાનો છે, જેમાં 182 પ્રજાતિના વૃક્ષો, 76 પ્રજાતિઓની ઝાડીઓ, 177 પ્રજાતિઓની વનસ્પતિઓ, 69 પ્રજાતિઓ આરોહકો અને 14 પ્રજાતિઓ ઓર્કિડનો સમાવેશ થાય છે.
- મગર, કાંગર વેલી રોક ગેકો, સેકેડ ગ્રોવ બુશ ફ્રોગ, બ્લેક બાઝા, મસબેર ટ્રોગન, કોમન હિલ માયના, સફેદ પેટવાળા વૂડપેકર વગેરેનો સમાવેશ થાય છે.
- આ જંગલમાં ઔષધિય છોડ પણ આવેલા છે.

નોંધ : (1) જૈવવિવિધતા હેરિટેજ સાઈટ એ જૈવિક વિવિધતા અધિનિયમ, 2002ની કલમ 37 હેઠળ માન્યતા પ્રાપ્ત અનન્ય સંરક્ષણ અભિગમ છે.

(2) ગુપ્તેશ્વર ગુફા ભગવાન શિવને સમર્પિત છે અને તે ઓડિશાના સૌથી મહત્ત્વપૂર્ણ તીર્થ સ્થાનોમાંનું એક છે.

## જનરલ બિપિન રાવતની પ્રતિમાનું દેહરાદૂનમાં અનાવરણ

તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) સ્વર્ગસ્થ જનરલ બિપિન રાવતની આદમ કદ (Life-Size) પ્રતિમાનું ઉત્તરાખંડના દેહરાદૂનમાં ટાન્સબ્રિજ સ્કૂલ ખાતે અનાવરણ કર્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી બિપિન રાવત

શ્રી બિપિન રાવતનો જન્મ 16 માર્ચ, 1958ના રોજ પૌરી ગઢવાલ જિલ્લાના પૌરી શહેરમાં થયો હતો.

- જનરલ બિપિન રાવત 'નેશનલ ડિફેન્સ એકેડેમી' અને 'ઈન્ડિયન મિલિટરી એકેડેમી'ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- તેઓને ડિસેમ્બર, 1978માં ભારતીય સેનાની 'પાંચમી બટાલિયન' અને 'ઈલેવન્થ ગોરખા રાઈફલ્સ'માં કમિશન આપવામાં આવ્યું હતું.
- શ્રી બિપિન રાવત ડિફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટનથી સ્નાતક થયા હતા.
- તેમણે ફોર્ટ લીવનવર્થ, યુએસએ ખાતેના કમાન્ડ એન્ડ જનરલ સ્ટાફ કોર્સમાં પણ હાજરી આપી હતી.
- તેમની સેવા દરમિયાન બ્રિગેડ કમાન્ડ, જનરલ સ્ટાફ ઓફિસર ગ્રેડ 2ના રૂપમાં અને અન્ય ઘણા મહત્ત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા.
- 31 ડિસેમ્બર 2016ના રોજ તેમણે ભારતીય થલસેનાના વડા તરીકેનું પદ સંભાળ્યું હતું.
- ત્યારબાદ 1 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના પ્રથમ 'Chief of Defence Staff' (CDS) તરીકે પદભાર સંભાળ્યો હતો.
- ભારતના પ્રથમ CDS એટલે કે Chief of Defence Staff શ્રી બિપિન રાવતનું 8 ડિસેમ્બર, 2021ના રોજ તમિલનાડુના કુન્નુર ખાતે હેલિકોપ્ટર ક્રેશ દુર્ઘટનામાં નિધન થયું હતું.
- તેમને મળેલા પુરસ્કારો આ મુજબ છે :

(1) પરમ વિશિષ્ટ સેવા મેડલ
(2) ઉત્તમ યુદ્ધ સેવા મેડલ
(3) અતિ વિશિષ્ટ સેવા મેડલ
(4) યુદ્ધ સેવા મેડલ
(5) સેના મેડલ
(6) વિશિષ્ટ સેવા મેડલ




**નોંધ :** ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એ ભારતીય સશસ્ત્ર દળની ત્રણેય સેવાઓના વડા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2024 કયા દેશમાં યોજાયો હતો ?

(A) ભારત (B) દક્ષિણ આફ્રિકા (C) શ્રીલંકા (D) ઈંગ્લેન્ડ **(B)**

2. તાજેતરમાં યોજાયેલા 'અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2024'માં કયો દેશ ચેમ્પિયન બન્યો છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ભારત (C) ઈંગ્લેન્ડ (D) બાંગ્લાદેશ **(A)**

3. તાજેતરમાં ભારતના કયા રાજ્યએ ગુપ્તેશ્વર જંગલને તેની ચોથી 'બાયો ડાયવર્સિટી સાઈટ' તરીકે જાહેર કરી છે ?

(A) કેરળ (B) તમિલનાડુ (C) ઓડિશા (D) મહારાષ્ટ્ર **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ગુપ્તેશ્વર ગુફા સમાચારમાં જોવા મળી હતી તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) કર્ણાટક (B) ઓડિશા (C) મધ્યપ્રદેશ (D) બિહાર **(B)**

5. તાજેતરમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે કયા સ્થળે ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ શ્રી બિપિન રાવતની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું ?

(A) દેહરાદૂન, ઉત્તરાખંડ (B) પટના, બિહાર

(C) બિકાનેર, રાજસ્થાન (D) શ્રીનગર, જમ્મુ–કાશ્મીર **(A)**

6. શ્રી બિપિન રાવત ભારતના કેટલામાં CDS હતા ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(A)**

## જર્મની જાપાનને પાછળ છોડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની

તાજેતરમાં જર્મની વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે.

- જાપાનની અર્થવ્યવસ્થા સતત બે ક્વાર્ટરથી મંદીમાં સંપડાઈ છે, જેના કારણે તેની અર્થવ્યવસ્થા વિશ્વમાં ત્રીજા સ્થાને ખસકીને ચોથા સ્થાને પહોંચી ગઈ છે.
- જાપાન હાલમાં નબળા ચલણ, વધતી ઉંમર અને ઘટતી વસતી સાથે સંઘર્ષ કરી રહ્યું છે.
- અગાઉ 2010માં ચીનની અર્થવ્યવસ્થાના વિકાસને કારણે જાપાન બીજાથી ત્રીજા સ્થાને પહોંચી ગયું હતું.
- હાલ અમેરિકાની અર્થવ્યવસ્થા વિશ્વમાં પ્રથમ ક્રમે છે.

### વિશ્વની ટોપ-10 મોટી અર્થવ્યવસ્થા ધરાવતા દેશ

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | અમેરિકા | 6 | યુનાઈટેડ કિંગ્ડમ |
| 2 | ચીન | 7 | ફ્રાન્સ |
| 3 | જર્મની | 8 | ઈટાલી |
| 4 | જાપાન | 9 | બ્રાઝિલ |
| 5 | ભારત | 10 | કેનેડા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ યોજના રદ્ કરી

આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં ઈલેક્ટોરલ (ચૂંટણી) બોન્ડ યોજનાને ગેરબંધારણીય ઠેરવ્યું હતું.

- અને ભારતીય સ્ટેટ બેન્ક (SBI)ને ચૂંટણી બોન્ડ જારી કરવાનું તાત્કાલિક અસરથી બંધ કરવા અને ચૂંટણી પંચને આ ચૂંટણી બોન્ડની તમામ વિગતો ત્રણ અઠવાડિયામાં સોંપવા આદેશ કર્યો હતો.
- સુપ્રીમ કોર્ટે ચૂંટણી બોન્ડ યોજના અને ફાયનાન્સ એક્ટ, 2017, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-1951, આવકવેરા અધિનિયમ, 1961 અને કંપની અધિનિયમ, 2013માં કરાયેલા સુધારાને ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યા હતા.
- સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે જનતાને રાજકીય પક્ષને મળતા દાનની માહિતી જાણવાનો અધિકાર છે.

## સુપ્રીમ કોર્ટ દ્વારા યથાસ્થિતિની પુનઃસ્થાપના

સુપ્રીમ કોર્ટના નિર્ણયે રાજકીય પક્ષના ભંડોળને સંચાલિત કરતા ઘણા કાયદાઓ માટે પ્રી–ફાઈનાન્સ એક્ટ, 2017 કાનૂની માળખું પુનઃસ્થાપિત કર્યુ છે.

### લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 :

- લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951ની કલમ 29C રાજકીય પક્ષો માટે 20,000 રૂપિયાથી વધુનું દાન જાહેર કરવાનું ફરજિયાત બનાવે છે, જે દાતાની ગુપ્તતા સાથે માહિતીના અધિકારને સંતુલિત કરે છે.

**ફાયનાન્સ એક્ટ, 2017નો હસ્તક્ષેપ :**

- ચૂંટણી બોન્ડ દ્વારા દાનને ડિસ્ક્લોઝર આવશ્યકતાઓમાંથી મુક્તિ આપતો અપવાદ રજૂ કરવામાં આવ્યો હતો.

**સુપ્રીમ કોર્ટનો નિર્ણય :**

- પારદર્શિતા અને ગોપનિયતાને સંતુલિત કરવાના મહત્ત્વ પર ભાર મૂકતા સુધારો નકારવામાં આવ્યો હતો.

### કંપની એક્ટ, 2013 :

- આ એક્ટની કલમ 182 કોર્પોરેટ દાનને પ્રતિબંધિત કરે છે અને મર્યાદા નક્કી કરે છે.

**ફાઈનાન્સ એક્ટ, 2017નો હસ્તક્ષેપ :**

- તેણે કોર્પોરેટ દાન માટેની મર્યાદાની અને જાહેરાતની જવાબદારીઓ દૂર કરી છે.

**સુપ્રીમ કોર્ટનો નિર્ણય :**

- ચૂંટણીઓ પર અનિયંત્રિત કોર્પોરેટ પ્રભાવ અંગેની ચિંતાઓને ટાંકીને સુધારો રદ કરવામાં આવ્યો હતો.

### આવકવેરા અધિનિયમ, 1961 :

- આવકવેરા અધિનિયમ, 1961 કલમ 13A(b) હેઠળ 20,000 રૂપિયાથી વધુના દાનના રેકોર્ડ રાખવા ફરજિયાત બનાવ્યા છે.

**ફાઈનાન્સ એક્ટ, 2017નો હસ્તક્ષેપ :**

- ચૂંટણી બોન્ડ દ્વારા પ્રાપ્ત દાનના રેકોર્ડ જાળવવાની જરૂરિયાતોમાંથી મુક્તિ

**સુપ્રીમ કોર્ટનો નિર્ણય :**

- મતદારોના માહિતીના અધિકારને જાળવી રાખીને સુધારાને નકારી કાઢ્યો હતો.

## ચૂંટણી બોન્ડ શું છે ?

ચૂંટણી બોન્ડને અંગ્રેજીમાં '<u>Electoral Bond</u>' તરીકે ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં વિવિધ વ્યક્તિ, કંપની કે સંસ્થા દ્વારા રાજકીય પક્ષોને આપવામાં આવતા દાનને સ્વચ્છ તથા ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ બોન્ડ લાવવામાં આવ્યા હતા.
- આ બોન્ડ ફક્ત ભારતીય વ્યક્તિ જ ખરીદી શકે છે.
- આ બોન્ડનો ઉપયોગ રાજકીય પક્ષોને દાન આપવા માટે થાય છે.
- આ બોન્ડની સમયમર્યાદા 15 દિવસ સુધીની હોય છે.
- એક વખત લીધા બાદ 15 દિવસમાં આ બોન્ડનો ઉપયોગ રાજકીય પક્ષોને દાન આપવા માટે કરવાનો હોય છે.
- નોંધનીય છે કે કોઈ વ્યક્તિ એકલો અથવા અન્ય વ્યક્તિઓ સાથે સંયુક્ત રીતે બોન્ડ ખરીદી શકે છે.
- આ બોન્ડ SBIની પસંદગીયુક્ત શાખામાંથી ખરીદી શકાતા હતા.

**નોંધ :** (1) ભારતમાં રાજકીય ભંડોળને પારદર્શક બનાવવા માટે 'ચૂંટણી બોન્ડ યોજના' વર્ષ 2018માં શરૂ કરવામાં આવી હતી.

(2) સરકારે આ યોજનાને 'કેશલેશ–ડિજિટલ અર્થતંત્ર' તરફ આગળ વધી રહેલા દેશમાં 'ચૂંટણી સુધારણા' તરીકે વર્ણવ્યું હતું.

(3) ભારતીય સ્ટેટ બેંક (SBI) અને તેની નિયુક્ત શાખાઓ દ્વારા ચૂંટણી બોન્ડ જારી કરવામાં આવતા હતા. અને રૂ.1000 , રૂ.10,000, રૂ.1 લાખ અને રૂ.1 કરોડના બહુવિધ મૂલ્યોમાં વેંચાતા હતા.

(4) KYC સુસંગત ખાતા દ્વારા ચૂંટણી બોન્ડ ખરીદી શકાતા હતા અને બાદમાં રાજકીય પક્ષોને નાણા ટ્રાન્સફર કરી શકાતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં જર્મની જાપાનને પાછળ છોડીને વિશ્વની કેટલામી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે ?

(A) ત્રીજી (B) ચોથી (C) છઠ્ઠી (D) સાતમી — (A)

2. વર્તમાન કયા દેશની અર્થવ્યવસ્થા વિશ્વમાં પ્રથમ ક્રમે છે ?

(A) યુનાઈટેડ કિંગ્ડમ (B) ફ્રાન્સ (C) અમેરિકા (D) રશિયા — (C)

3. વિશ્વના સૌથી મોટા અર્થવ્યવસ્થા ધરાવતા દેશને તેના ક્રમાનુસાર ગોઠવો :

1. અમેરિકા, 2. ભારત, 3. ચીન, 4. જર્મની, 5. જાપાન

(A) 1, 3, 4, 5, 2 (B) 1, 2, 5, 3, 4

(C) 1, 5, 3, 4, 2 (D) 1, 2, 3, 4, 5 — (A)

4. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે 'ઈલેક્ટોરલ (ચૂંટણી) બોન્ડ યોજના'ને ગેરબંધારણીય ગણાવી હતી. ભારતમાં રાજકીય ભંડોળને પારદર્શક બનાવવા માટે 'ચૂંટણી બોન્ડ યોજના' કયા વર્ષે શરૂ કરવામાં આવી હતી ?

(A) 2012 (B) 2016 (C) 2018 (D) 2019 — (C)

5. 'ચૂંટણી બોન્ડ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેને અંગ્રેજીમાં 'Electoral Bond' તરીકે ઓળખવામાં આવે છે.

(B) આ બોન્ડનો ઉપયોગ રાજકીય પક્ષોને દાન આપવા માટે થતો હતો.

(C) એક વખત લીધા બાદ 15 દિવસમાં આ બોન્ડનો ઉપયોગ રાજકીય પક્ષોને દાન આપવા માટે કરવાનો હોય છે.

(D) ઉપરોક્ત તમામ — (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અબુધાબીમાં હિન્દુ મંદિરનું લોકાર્પણ કર્યું

વસંતપંચમીના પવિત્ર દિવસે UAEના અબુધાબીમાં બનેલા પ્રથમ હિન્દુ મંદિરનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.



- ગલ્ફ કન્ટ્રીમાં તે પહેલું હિન્દુ મંદિર છે.
- આ મંદિરનું નિર્માણ સ્વામી નારાયણ સંસ્થા BAPS દ્વારા કરવામાં આવ્યું છે.
- તે આબુધાબીના મુરીખાહમાં 27 એકરમાં બનેલું છે.
- આ મંદિરને ઔપચારિક રીતે 'BAPS હિંદુ મંદિર અબુધાબી' તરીકે ઓળખવામાં આવે છે.
- આ મંદિરનું નિર્માણ BAPS દ્વારા અંદાજે રૂ.700 કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે.
- આ ભવ્ય હિન્દુ મંદિરનું નિર્માણ વર્ષ 2019માં શરૂ થયું હતું.
- આ મંદિરનું નિર્માણ ભારતીય કારિગરો દ્વારા કરવામાં આવ્યું છે. આ કારીગરો પરંપરાગત હિન્દુ મંદિર સ્થાપત્યમાં નિષ્ણાત છે.
- મંદિર હાથથી કોતરેલા આરસ અને રેતીના પથ્થરથી બનેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ 2024

વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ, 2024 12 ફેબ્રુઆરી થી 14 ફેબ્રુઆરી, 2024 દરમિયાન UAEના દુબઈમાં યોજાઈ હતી.

- આ સમિટ 'Shaping Future Governments' થીમ હેઠળ યોજાઈ હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમિટમાં 'ગેસ્ટ ઓફ ઓનર' તરીકે ભાગ લીધો હતો, તેમણે સમિટની થીમ પર મુખ્ય ભાષણ આપ્યું હતું.




- તુર્કિયે, ભારત અને કતારને ગેસ્ટ ઓફ ઓનર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, જે આંતરરાષ્ટ્રીય સહકાર પર સમિટના ભારને પ્રકાશિત કરે છે.
- આ સમિટમાં ભવિષ્યની અર્થવ્યવસ્થા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઈમેટ ચેન્જ અને હેલ્થ કેર જેવા વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા, જેનો હેતુ સારા ભવિષ્ય માટે ઉકેલો શોધવાનો હતો.

- સમિટએ વિશ્વના નેતાઓ, સરકારી અધિકારીઓ અને વિચારશીલ નેતાઓને એકસાથે લાવીને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ટકાઉ વિકાસ અને સામાજિક સમાવેશ જેવા ઉભરતા પડકારોને સંબોધ્યા હતા.
- સમિટનો હેતુ ભાગીદારી, પહેલ અને નીતિ ભલામણો દ્વારા કાર્યક્ષમ પરિણામો બનાવવાનો હતો.

### વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ

વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ એ એક વૈશ્વિક ઈવેન્ટ છે, જે વૈશ્વિક નેતાઓ, નીતિ નિર્માતાઓ, નિષ્ણાતો અને વિવિધ ક્ષેત્રોના વિચારશીલ નેતાઓને વૈશ્વિક મુદ્દાઓની ચર્ચા કરવા અને સંબોધવા માટે એક સાથે લાવે છે.

- તેની સ્થાપના 2013માં UAEના વાઈસ પ્રેસિડેન્ટ અને પ્રાઈમ મિનિસ્ટર દ્વારા કરવામાં આવી હતી.
- તે દર વર્ષે UAEના દુબઈમાં યોજાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતે iRASTE પ્રોજેક્ટ માટે પ્રતિષ્ઠિત GovTech પ્રાઈઝ 2024 જીત્યું




ભારતે સરકારી સેવાઓને વધારવામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના નવીન ઉપયોગ માટે દુબઈમાં UAEની સરકાર દ્વારા સ્થાપિત પ્રસિદ્ધ 'GovTech પ્રાઈઝ 2024' (9મું પ્રાઈઝ) જીત્યું છે.

- ભારતે iRASTE પ્રોજેક્ટ માટે 'AI-સંચાલિત સરકારી સેવાઓ' શ્રેણીમાં આ જીત મેળવી છે.
- જે માર્ગ સલામતીમાં પરિવર્તન લાવવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરે છે.
- આ પુરસ્કાર માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના શહેરી પરિવહનના નેટવર્કમાં અનુમાનિત વિશ્લેષણ અને AIના અગ્રણી અમલીકરણને માન્યતા આપે છે.
- આ પુરસ્કાર દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ અલ મકતુમ દ્વારા આપવામાં આવ્યો હતો.

**નોંધ :** (1) ધી ઈન્ટેલિજન્ટ સોલ્યુશન્સ ફોર રોડ સેફટી થ્રુ ટેક્નોલોજી (iRASTE) પ્રોજેક્ટ એ ભારત સરકાર, ઉદ્યોગ અગ્રણીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેની સહયોગી પહેલ છે.

(2) તે AI અલ્ગોરિધમ્સ અને અનુમાનિત મોડેલિંગને પ્રોએક્ટિવ રોડ સેફટી એન્જિનિયરિંગ અને હાઈવે તથા શહેરના રસ્તાઓ માટેના આયોજનમાં એકીકૃત કરે છે.

## ભારતના પ્રથમ ડિજિટલ નેશનલ મ્યુઝિયમ ઓફ એપિગ્રાફીનું ઉદ્‌ઘાટન

ભારતના સાંસ્કૃતિક વારસા માટેના નોંધપાત્ર વિકાસમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ તાજેતરમાં હૈદરાબાદના સાલાર જંગ મ્યુઝિયમ ખાતે દેશના ડિજિટલ નેશનલ મ્યુઝિયમ ઓફ એપિગ્રાફીનો શિલાન્યાસ કર્યો હતો.



- ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા સંચાલિત, મ્યુઝિયમનો ઉદ્દેશ્ય વિવિધ સમયગાળા અને ભાષાઓમાંથી એક લાખ પ્રાચીન શિલાલેખોને ડિજિટાઈઝ કરવાનો છે.
- જે ભારત શેર્ડ રિપોઝીટરી ઓફ ઈન્સ્ક્રિપ્શન્સ પહેલ સાથે સંરેખિત છે.
- એપિગ્રાફીના ડિજિટલ નેશનલ મ્યુઝિયમની સ્થાપનાથી ભારતના સાંસ્કૃતિક વારસાને જાળવવામાં અને તેને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ UAEના કયા સ્થળે બનેલા પ્રથમ હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?
   (A) અબુધાબી (B) શારજાહ (C) દુબઈ (D) ઝાયેદ — (A)

2. તાજેતરમાં ‘વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ 2024’ કયાં યોજાઈ હતી ?
   (A) લંડન (B) ન્યુયોર્ક (C) સિડની (D) દુબઈ — (D)

3. તાજેતરમાં વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ 2024માં કયા દેશે AI સંચાલિત સરકારી સેવાઓ માટે 9મું GovTech પ્રાઈઝ જીત્યું છે ?
   (A) બાંગ્લાદેશ (B) ભારત (C) રશિયા (D) જાપાન — (B)

4. તાજેતરમાં ભારતના કયા શહેરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ ભારતના ડિજિટલ નેશનલ મ્યુઝિયમ ઓફ એપિગ્રાફીનો શિલાન્યાસ કર્યો હતો ?
   (A) નવી દિલ્હી (B) પુણે (C) હૈદરાબાદ (D) જયપુર — (C)

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **'હુ અટલ બોલુ છું' પુસ્તકનું વિમોચન**

ભારત રત્ન, ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીજીના 25 ડિસેમ્બરે 100માં જન્મ દિસવના ઉપલક્ષ્યમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપ–કુલપતિ શિક્ષણવિદ્ ડો. જગદીશ ભાવસર દ્વારા લેખન–સંકલન કરાયેલા 'હુ અટલ બોલું છું' પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિમોચન કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **હાઈ એલ્ટિટ્યુડ સ્યુડો સેટેલાઈટ (HAPS)**



કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ (CSIR) – નેશનલ એરોસ્પેસ લેબોરેટરીઝ (NAL)એ તાજેતરમાં હાઈ એલ્ટિટયૂડ સ્યુડો સેટેલાઈટ (HAPS) પર સફળ પરીક્ષણ હાથ ધર્યુ હતું. જેનો ઉપયોગ માનવરહિત એરિયલ વ્હીકલ (UAV) ટેક્નોલોજીમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે. HAPS એ સૌર ઊર્જા સંચાલિત UAV છે. તે સૌર ઊર્જા ઉત્પન્ન કરી શકે છે અને સ્ટ્રેટોસ્ફિયરમાં મહિનાઓ કે વર્ષો સુધી ટકી શકે છે. HAPS સ્ટ્રેટોસ્ફિયર (પૃથ્વીની સપાટીથી 6-50 કિ.મી. સુધી વિસ્તરેલો વિસ્તાર)માં ચાલે છે. અને 18-20 કિ.મી.ની ઊંચાઈએ ઊંચાઈ જાળવી રાખે છે. આ ઊંચાઈ પર કામ કરવાની આ ક્ષમતા તેમને ઉપગ્રહોની જેમ જ સર્વેલન્સ કરવાની ક્ષમતા આપે છે. HAPS સતત દેખરેખ, સંચાર અને નિષ્ણાત વિજ્ઞાન મિશન માટે રચાયેલ છે.

➤ **ભારતે શ્રીલંકા અને મોરેશિયસમાં UPI પેમેન્ટ સેવાઓ શરૂ કરી**




ભારતે એક વર્ચ્યુઅલ સમારોહ દરમિયાન શ્રીલંકા અને મોરેશિયસમાં UPI ચૂકવણી સેવાઓ શરૂ કરી હતી. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને બંને દેશોના ટોચના નેતૃત્વએ હાજરી આપી હતી. આ પગલાથી આ દેશોમાં પ્રવાસ કરતા ભારતીય નાગરિકો અને ભારતની મુલાકાત લેતા મોરેશિયન નાગરિકો માટે UPI સેટેલમેન્ટ સેવાઓ સક્ષમ બનાવે છે. શ્રીલંકા અને મોરેશિયસમાં UPIની ઉપલબ્ધતા આ દેશોમાં પ્રવાસ કરતા ભારતીય નાગરિકોને તેમના વ્યવહારો માટે સરળતાથી ઈન્ટરફેસનો ઉપયોગ કરવા સક્ષમ બનાવશે. મોરેશિયસમાં Rupay કાર્ડની શરૂઆતથી ત્યાંની બેંકો Rupay ડેબિટ અને ક્રેડિટ કાર્ડ જારી કરી શકશે.

➤ **વાજબી ભાવની દુકાનોનું ડિજીટાઈઝેશન : હિમાચલ પ્રદેશ**

ભારત સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે ઓપન નેટવર્ક ડિજિટલ કોમર્સ (ONDC) પર હિમાચલ પ્રદેશના ઉના અને હમીરપુર જિલ્લાના વાજબી ભાવની દુકાનો (FPS)ને ઓન–બોર્ડ કરવા માટે પ્રાયોગિક પહેલ શરૂ કરી છે. આવું પ્રથમ વખત છે જ્યારે વાજબી ભાવની દુકાનો ONDC સાથે જોડાઈ છે. તેનો હેતુ લાભાર્થીઓનો સંતોષ વધારવાનો તેમજ FPS ડીલરોને વધારાની આવકની તકો પૂરી પાડવાનો છે. વાજબી ભાવની દુકાનો (FPS) એટલે એવી દુકાન કે જેને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રેશનકાર્ડ ધારકોને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા માટે લાયસન્સ આપવામાં આવ્યું છે. આ શબ્દ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013ની કલમ 2(4)માં વ્યાખ્યાયિત થયેલ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નીતિ આયોગે એગ્રોફોરેસ્ટ્રી પોર્ટલ અને રિપોર્ટ લોન્ચ કર્યો**

નીતિ આયોગે તાજેતરમાં 'ગ્રીનિંગ એન્ડ રિસ્ટોરેશન ઓફ બેરન લેન્ડ્સ વિથ એગ્રોફોરેસ્ટ્રી (GROW) રિપોર્ટ અને પોર્ટલ લોન્ચ કર્યુ છે. નીતિ આયોગની GROW પહેલ ભારતના તમામ જિલ્લાઓમાં કૃષિ વનીકરણની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે રિમોટ સેન્સિંગ અને GISનો ઉપયોગ કરે છે. તેનો ધ્યેય 2030 સુધીમાં 26 મિલિયન હેક્ટર ક્ષતિગ્રસ્ત જમીનને પુનઃસ્થાપિત કરવાનો અને વધારાના કાર્બન સિંક બનાવવાનો છે. એગ્રોફોરેસ્ટ્રી એ જમીનનો ઉપયોગ કરવાની પદ્ધતિ છે જે ઉત્પાદકતા, નફાકારકતા, વિવિધતા અને ઈકોસિસ્ટમ સ્થિરતા વધારવા માટે ખેતીની જમીન પર વૃક્ષો અને ઝાડીઓને એકીકૃત કરે છે.

➤ **સ્માર્ટ ગ્રામ પંચાયત**

તાજેતરમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રીએ બિહારના બેગુસરાઈ જિલ્લાના પાપસુર ગ્રામ પંચાયતમાં 'સ્માર્ટ ગ્રામ પંચાયત : ગ્રામ પંચાયતના ડિજીટાઈઝેશન તરફ ક્રાંતિ' પ્રોજેક્ટનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું. આ પહેલ ગ્રામીણ ભારતમાં ડિજિટલ સશક્તિકરણ તરફ એક નોંધપાત્ર પ્રગતિ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ બેગુસરાયની તમામ ગ્રામ પંચાયતોને પીએમ–વાણી (પ્રાઈમ મિનિસ્ટર વાઈ–ફાઈ એક્સેસ ઈન્ટરફેસ) સેવા પૂરી પાડવાનો છે, જેમાં ગ્રામીણ વિસ્તારની કનેક્ટિવિટીનો દાખલો છે. તે સુધારેલા રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) હેઠળ ભંડોળ પૂરું પાડવામાં આવે છે. પ્રોજેક્ટનો હેતુ બિહારના બેગુસરાઈ અને રોહતાસ જિલ્લા 37 બ્લોકમાં 455 ગ્રામ પંચાયતોને વાઈફાઈ સેવા પૂરી પાડવાનો છે. તેનો અમલ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો.

## વિશ્વ

➤ **વૈશ્વિક જૈવવિવિધતા ફ્રેમવર્ક ફંડ (GBFF)**

ગ્લોબલ બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક ફંડ (GBFF)ની પ્રથમ કાઉન્સિલ મીટિંગ તાજેતરમાં વોશિંગ્ટન ડીસી (યુનાઈટેડ સ્ટેટ્સ)માં યોજાઈ હતી. વૈશ્વિક પર્યાવરણ સુવિધા (GEF)ની 66મી કાઉન્સિલ મીટિંગના ભાગરૂપે આયોજિત આ બેઠક COP15માં અપનાવવામાં આવેલા કુનમિંગ–મોન્ટ્રીયલ વૈશ્વિક જૈવવિવિધતા માળખામાં દર્શાવેલ ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે ભંડોળ સુરક્ષિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. GBFFના અમલ માટે માર્ગદર્શિકા સ્થાપિત કરવામાં આવી હતી, શરૂઆતમાં 2022માં જૈવિક વિવિધતા પરના સંમેલન COP15 દરમિયાન પ્રસ્તાવિત કરવામાં આવી હતી. GBFFનું સંચાલન વૈશ્વિક પર્યાવરણ સુવિધા (GEF) દ્વારા કરવામાં આવે છે, જે એક આંતરરાષ્ટ્રીય ધિરાણ પદ્ધતિ છે જેણે અગાઉ જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન, જમીન અધોગતિ, રસાયણ અને કચરો, આંતરરાષ્ટ્રીય જળ અને ટકાઉ વન વ્યવસ્થાપન સંબંધિત પ્રોજેક્ટ્સ માટે ભંડોળ એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. જોકે અગાઉના GEF ફંડિંગથી વિપરીત, GBFF પરંપરાગત રીતે GEFને દાન આપતા આશરે 40 દેશોની બહાર ખાનગી, પરોપકારી અને સરકારી રોકાણ દ્વારા ભંડોળ એકત્ર કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **દુબઈ વિશ્વની પ્રથમ એર ટેક્સી સેવા શરૂ કરશે**



દુબઈ એર ટેક્સી સેવા એ આયોજિત એર ટ્રાન્સપોર્ટ નેટવર્ક છે જે દુબઈ (UAE)માં શહેરી ગતિશીલતામાં ક્રાંતિ લાવવા માટે સુયોજિત છે. 2026માં કામગીરી શરૂ કરવાની યોજના છે, જ્યારે તે શરૂ થશે ત્યારે તે વિશ્વની પ્રથમ શહેર–વ્યાપી એર ટેક્સી સેવા હશે. ફેબ્રુઆરી 2024માં દુબઈએ વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં શહેર–વ્યાપી eVTOL એર ટેક્સી સિસ્ટમના વિકાસને લીલી ઝંડી આપતા કરાર પર પહોંચ્યા હતા એર ટેક્સી સેવા જોબી એવિએશન S4નો ઉપયોગ કરશે.



1. ઈરાને તાજેતરમાં ભારતીય નાગરિકોને કેટલા દિવસ સુધી વિઝા–મુક્ત પ્રવેશની મંજૂરી આપી છે ? – 15
2. RBIએ તાજેતરમાં કઈ બેંકની મુખ્ય સેવાઓ સ્થગિત કરી દીધી છે ? – Paytm પેમેન્ટ્સ બેંક
3. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલું તળાવ રોટોરૂઆ કયા દેશમાં આવેલું છે ? – ન્યૂઝિલેન્ડ
4. તાજેતરમાં હેગે જિંગોબનું નિધન થયું હતું, તેઓ કયા દેશના રાષ્ટ્રપતિ હતા ? – નામિબિયા
5. ભારતના પ્રથમ ડિજિટલ નેશનલ 'મ્યુઝિયમ ઓફ એપિગ્રાફી'નું ઉદ્‌ઘાટન કયાં થયું હતું ? – હૈદરાબાદ
6. _____ સંશોધકોએ તાજેતરમાં લ્યુપસ ખામી માટે ઉકેલ વિકસાવ્યો છે, જે એક સ્વયંપ્રતિરક્ષા રોગ, રોગપ્રતિકારક તંત્રને અંગો અને પેશીઓને નુકસાન પહોંચાડવા માટે પ્રોત્સાહિત કરે છે. – ઓસ્ટ્રેલિયા
7. તાજેતરમાં સમાચારમાં રહેલ દીનબંધુ છોટુ રામ થર્મલ પાવર પ્લાન્ટ કયાં આવેલો છે ? – હરિયાણા
8. તાજેતરમાં સમાચારમાં રહેલ સિપાહીજાલા વન્યજીવ અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ? – ત્રિપુરા
9. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલી SAMARATH યોજનાનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે ? – MSMEને સહાય પૂરી પાડવી
10. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે _____ ના પૌરાણિક ધરોહર સમાન બાળગંગા તળાવનું લોકાપર્ણ કર્યુ હતું. – મોડાસર (સાણંદ)
11. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલું સુનાબેડા વન્યજીવ અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ? – ઓડિશા
12. તાજેતરમાં કઈ સંસ્થાએ આબોહવા આગાહી સુધારવા અને આબોહવાની અસરોની આગાહી કરવા માટે ભારત માટે પ્રથમ અર્થ સિસ્ટમ મોડલ વિકસાવ્યું છે ? – ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મીટીરોલોજી
13. તાજેતરમાં જોવા મળેલ FAST ટેલિસ્કોપ કયા દેશે વિકસાવ્યું છે ? – ચીન
14. 'રોડ ટુ પેરિસ 2024 : ચેપિયનિંગ ક્લીન સ્પોટ્‌સ એન્ડ યુનિટીંગ ફોર એન્ટિ ડોપિંગ' કોન્ફરન્સનું આયોજન તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે ? – નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA)
15. મહાસાગરો અને વાતાવરણના સર્વેક્ષણ માટે NASA દ્વારા તાજેતરમાં લોન્ચ કરાયેલા ઉપગ્રહનું નામ શું છે ? – PACE
16. તાજેતરમાં સમાચારોમાં રહેલી નાઝૂલ લેન્ડ કયા રાજ્ય સાથે સંકળાયેલી છે ? – ઉત્તરાખંડ
17. 'અલાસ્કાપોક્સ' તાજેતરમાં સમાચારમાં હતું. તે શું છે ? – DNA વાયરસ
18. તાજેતરમાં સમાચારમાં રહેલ બોર ટાઈગર રિઝર્વ કયાં આવેલું છે ? – મહારાષ્ટ્ર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. તાજેતરમાં સમાચારોમાં જોવા મળેલી મધુ બાબુ પેન્શન યોજના (MBPY) કયા રાજ્ય સાથે સંકળાયેલી છે ?
– ઓડિશા
20. ગ્લોબલ બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક ફંડ (GBFF)ની પ્રથમ કાઉન્સિલ મીટિંગ કયાં યોજાઈ હતી ?– યુનાઈટેડ સ્ટેટ્સ
21. 'ઈ–જાગૃતિ પોર્ટલ' તાજેતરમાં સમાચારમાં હતું, તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે ?
– ગ્રાહક વિવાદ નિવારણની સુવિધા માટે
22. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ 'કુસ્કુટા ડોડર' શું છે ? – આક્રમક નીંદણ
23. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે સત્તાવાર રીતે 'કાજી નેમુ' (સાઈટ્રસ લિમોન)ને રાજ્ય ફળ તરીકે જાહેર કર્યુ છે ?
– આસામ
24. નુઆ–ઓ શિષ્યવૃત્તિ કાર્યક્રમ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – ઓડિશા
25. તાજેતરમાં કયા દેશ દ્વારા ઝિર્કોન મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી ? – રશિયા
26. તાજેતરમાં કયા સંગીતકારને લક્ષ્મીનારાયણ આંતરરાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
– પ્યારેલાલ શર્મા
27. અદાણી ગ્રુપનો 1.2 બિલિયન ડોલરનો કોપર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ કયા ભારતીય રાજ્યમાં છે, જે વિશ્વનો સૌથી મોટી સિંગલ–લોકેશન ફેસિલિટી તરીકે ઓળખાય છે ? – ગુજરાત
28. ઈન્ડિયા એનર્જી વીક 2024, ભારતનો સૌથી મોટો એનર્જી એક્સ્પો 6 થી 9 ફેબ્રુઆરી, 2024 દરમિયાન ______ માં યોજનાર છે. – ગોવા
29. એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતના નવા કન્ટ્રી ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – મીઓ ઓકા
30. ______ એ હૈદરાબાદમાં ભારત અને કુવૈત વચ્ચે ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાયરની યજમાની માટે મંજૂરી મેળવી લીધી છે. – તેલંગાણા ફૂટબોલ એસોસિએશન
31. ઉત્તરપ્રદેશ સરકાર 'EV UPYOG' પોર્ટલ દ્વારા શું પ્રચાર કરી રહી છે ? – ઈલેક્ટ્રિક વાહનો
32. મધ્યમ અને ભારે વાણિજ્યક વાહનોમાં LNG અપનાવવા અંગેનો સંયુક્ત અહેવાલ બહાર પાડવા માટે કયા દેશે નીતિ આયોગ સાથે સહયોગ કર્યો છે ? – નેધરલેન્ડ
33. ટોમટોમ ટ્રાફિક ઈન્ડેક્સ 2023માં કયા શહેરમાં સૌથી ધીમો ટ્રાફિક હોવાનું નોંધાયું છે ? – લંડન
34. પરમાણુ સહયોગ વધારવા માટે તાજેતરમાં કયા દેશે ભારત સાથે પ્રોટોકોલ સુધારા પર હસ્તાક્ષર કર્યા છે ?
– રશિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

35. ટાટા ટ્રસ્ટ કયા શહેરમાં ભારતની પ્રથમ નાની પશુ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરશે ? – મુંબઈ

36. કયા દેશના વડાપ્રધાન ઓસ્ટ્રેલિયાની સંસદને સંબોધન કરનાર પ્રથમ પેસિફિક નેતા બન્યા છે ?
– પાપુઆ ન્યુ ગિની (શ્રી જેમ્સ મરાપે)

37. તાજેતરમાં કયા રાજ્યમાં બાંધકામ કૌશલ્ય પ્રશિક્ષણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ? – આસામ

38. કયું ભારતીય રાજ્ય AI હબ સ્થાપિત કરવા અને તેના નાગરિકો માટે ઈન્ટરનેટને મૂળભૂત અધિકાર બનાવવાનું લક્ષ્ય ધરાવે છે ? – તેલંગાણા

39. 1 એપ્રિલ, 2006 પછી નિમાયેલા તેના સરકારી કર્મચારી માટે જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરનાર પૂર્વત્તરનું કયું રાજ્ય પ્રથમ બન્યું છે ? – સિક્કિમ

40. નવી દિલ્હી પુસ્તક મેળા 2024માં ગેસ્ટ ઓફ ઓનર તરીકે કયા દેશની પસંદગી કરવામાં આવી હતી ?
– સાઉદી અરેબિયા

41. બ્રહ્મપુત્રા નદી પ્રોજેક્ટ માટે કઈ સંસ્થાએ ભારત સાથે 200 મિલિયન લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?
– એશિયન ડેવલપમેન્ટ બેંક

42. તાજેતરમાં વન–ડે ઈન્ટરનેશનલ (ODI)માં બેવડી સદી ફટકારનાર પ્રથમ શ્રીલંકન ખેલાડી કોણ બન્યો છે ?
– પથુમ નિસાન્કા (અફઘાનિસ્તાન સામેની મેચમાં)

43. NPCIના બિન–કાર્યકારી અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – અજય કુમાર ચૌધરી

44. ભારતનું કયું રાજ્ય 21 એરપોર્ટ સાથે પ્રથમ બનવા માટે તૈયાર છે ? – ઉત્તરપ્રદેશ

45. ઈન્ટરનેશનલ વોટર કોન્કલેવ 2024ની પ્રસ્તાવના કયાં પૂરી થઈ છે ? – શિલોંગ

46. GRAPES-3 પ્રયોગે તેના સ્પેક્ટ્રમમાં કયા પ્રકારના કણનું એક નવું લક્ષણ જોયું છે ? – કોસ્મિક–રે પ્રોટોન

47. કયા દેશે તાજેતરમાં નવ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત કરનાર જીલોંગ-3 રોકેટ વિકસાવ્યું છે ? – ચીન

48. મહાત્મા ગાંધીજીને સમર્પિત દેશનો પ્રથમ તાંબાથી બનેલો બાપુ ટાવર કયા શહેરમાં આવેલો છે ? – પટના

49. SWATI પોર્ટલનો ઉદ્દેશ્ય શું છે ? – વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં મહિલાઓને સશક્ત કરવાનો

50. જળશક્તિ મંત્રાલય દ્વારા જળ સંરક્ષણના પ્રયાસો માટે કયા શહેરને ‘વોટર વોરિયર’ તરીકે ઓળખવામાં આવ્યું છે ?
– નોઈડા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

51. ATP ચેન્નાઈ ઓપન ચેલેન્જર જીતીને ATPની ટોચની 100 રેન્કિંગમાં કોણે 98મું સ્થાન મેળવ્યું છે ? – સુમિત નાગલ

52. 7મી હિંદ મહાસાગર પરિષદ કયાં યોજાઈ હતી ? – પર્થ, ઓસ્ટ્રેલિયા

53. જન્મજાત હાર્ટ ડિફેક્ટ જાગૃતિ દિવસ ક્યારે મનાવવામાં આવે છે ? – 14 ફેબ્રુઆરી

54. ભારતના મૈયા બંદરને _____ ના સુલતાનગંજ બંદર પોર્ટની ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. – બાંગ્લાદેશ

55. તાજેતરમાં _____ માં APAAR : One Nation One Student ID કાર્ડ પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. – નવી દિલ્હી

56. તાજેતરમાં કયા દેશમાં ફાંસીની સજા પામેલા આઠ ભારતીયોને મૂક્ત કરવામાં આવ્યા હતા ? – કતાર

INSTITUTE FOR COMPETITIVE EXAMS



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT